RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 71 Date: 01.01.2024 Monday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## મન કી બાતનો ૧૦૮મો એપિસોડ

# અયોધ્યામાં રામ મંદિરને લઈને સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગ છે : વડાપ્રધાન



નવીદિલ્હી,તા.૩૧

વર્ષના અંતિમ દિવસે વડાપ્રધાન મોદીના મન કી બાત કાર્યક્રમનો ૧૦૮મો એપિસોડ યોજાયો હતો, આ કાર્યક્રમ દરમિયાન નવા વર્ષની શરુઆત પહેલા દેશની જનતાને વડાપ્રધાને શુભેચ્છા પાઠવવાની સાથે સ્વાસ્થ્ય, સ્વ તથા દેશનો વિકાસ, રામ મંદિર સહિતના મુદ્દે વાત કરી છે.

આજે વર્ષનો છેલ્લો દિવસ છે. એક તરફ આ વર્ષ પૂરું થઈ રહ્યું છે અને બીજી તરફ થોડા કલાકોમાં નવા વર્ષની એન્ટ્રી થવાની છે. વર્ષના અંતિમ દિવસે એટલે કે ૩૧મી ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા લોકો સાથે સીધા જોડાયા હતા, પીએમ મોદીની મન કી બાતનો આ ૧૦૮મો એપિસોડ હતો. આજના કાર્યક્રમમાં પીએમ મોદીએ નવા વર્ષની શુભેચ્છા આપવાની સાથે સંસ્કૃતિ, સ્વાસ્થ્ય અને દેશના યુવાનોની તાકાત સહિત રામ મંદિર અને ગુજરાતની પણ ખાસ વાત કરી હતી..ઁ સ્ મોદીએ મન કી બાતમાં કહ્યું, 'તમારા બધાને ૨૦૨૪ માટે ઘણી શુભકામનાઓ. આ ૧૪૦ કરોડ ભારતીયોની તાકાત છે કે આ વર્ષે આપણા દેશે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે.મોદીએ મન કી બાતમાં કહ્યું, 'તમને બધાને ૨૦૨૪ માટે ઘણી શુભકામનાઓ, આ ૧૪૦ કરોડ ભારતીયોની તાકાત છે કે આ વર્ષે આપણા દેશે ઘણી વિશેષ સિદ્ધિઓ હાંસલ કરી છે.

આપણે ૨૦૨૪માં પણ આ જ ભાવના અને ગતિ જાળવી રાખવાની છે. મિત્રો, આજે પણ ઘણા લોકો મને ચંદ્રયાન-૩ની સફળતાને લઈને મેસેજ મોકલી રહ્યા છે. મને ખાતરી છે કે મારી જેમ તમે પણ આપણા વૈજ્ઞાનિકો અને ખાસ કરીને મહિલા વૈજ્ઞાનિકો પર ગર્વ અનુભવશો.

પીએમ મોદીએ કહ્યું કે 'આ ૧૦૮ એપિસોડમાં આપણે જનભાગીદારીના ઘણાં ઉદાહરણ જોયા છે, તેનાથી પ્રેરણા મળી છે. હવે એ પડાવ પર પહોંચ્યા બાદ, આપણે નવી શરુઆત કરવાની છે. નવી ઉર્જા અને વધુ તેજી સાથે આગળ વધવાનો સંકલ્પ લેવાનો છે.' ૧૦૮ નંબરના મહ્‌તવ અંગે વાત કરીને તેમણે કહ્યું કે, '૧૦૮ નંબરનું મહત્વ, તેની પવિત્રતા એ ઊંડા અભ્યાસનો વિષય છે. જપમાળામાં ૧૦૮ માળા, ૧૦૮ વખત જાપ, ૧૦૮ દિવ્ય ગોળા, મંદિરોમાં ૧૦૮ સીડી, ૧૦૮ ઘંટ, આ ૧૦૮ની સંખ્યા અપાર શ્રદ્ધા સાથે જોડાયેલી છે. પીએમએ કહ્યું, 'મન કી બાત દ્વારા તમને મળ્યા પછી મને પણ આ જ અનુભૂતી થાય છે, આ આપણી સહિયારી યાત્રાનો ૧૦૮મો એપિસોડ છે. મન કી બાત એટલે તમને મળવાની એક શુભ તક, અને જ્યારે અમે અમારા પરિવારના સભ્યો સાથે મળીએ છીએ, ત્યારે તે ખૂબ જ આનંદદાયક અને સંતોષકારક હોય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં વધુમાં કહ્યું કે 'સ્વસ્થ રહો, ફિટ રહો', વર્ષ ૨૦૨૪ની શરૂઆત કરવા માટે તમારી પાસે પોતાની ફિટનેસથી મોટો સંકલ્પ શું હોઈ શકે? મારા પરિવારના સભ્યો.. થોડા દિવસો પહેલા કાશીમાં એક પ્રયોગ થયો હતો, જેના વિશે હું 'મન કી બાત'ના શ્રોતાઓને જણાવવા માંગુ છું. હું આજની યુવા પેઢીને રીઅલ-ટાઈમ ટ્રાન્સલેશન સંબંધિત છૈં ટૂલ્સને વધુ એક્સપ્લોર કરો, તેને ૧૦૦% ફુલ પ્રૂફ બનાવવો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં વધુમાં કહ્યું હતું કે, 'મિત્રો, આજે શારીરિક સ્વાસ્થ્ય અને સુખાકારીની ઘણી ચર્ચા થાય છે, પરંતુ તેની સાથે જોડાયેલ બીજું મહત્વનું પાસું છે માનસિક સ્વાસ્થ્ય. હું તમને બધાને વિનંતી કરીશ કે ફિટ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે નવીન સ્વાસ્થ્ય સંભાળ સ્ટાર્ટઅપ્સ વિશે મને લખતા રહો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે 'મિત્રો, જ્યારે નટુ-નટુને ઓસ્કાર મળ્યો ત્યારે આખો દેશ આનંદથી ઉછળી પડ્યો હતો. 'ધ એલિફન્ટ વ્હીસ્પરર્સ' માટેના સન્માન વિશે સાંભળીને કોણ ખુશ ન થયું? આના દ્વારા વિશ્વએ ભારતની રચનાત્મકતા જોઈ અને પર્યાવરણ સાથેના અમારું જોડાણ સમજ્યું.

મન કી બાતમાં પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ગુજરાતમાં ડાયરાની પરંપરા છે. આખી રાત ડાયરામાં હજારો લોકો જોડાય છે અને મનોરંજનની સાથે જ્ઞાન પણ મેળવે છે. આ ડાયરીમાં લોકસંગીત, લોકસાહિત્ય અને હાસ્યની ત્રિપુટી સૌના મનને આનંદથી ભરી દે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, મારા પરિવારના સભ્યો , અયોધ્યામાં રામ મંદિરને લઈને સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગ છે. લોકો પોતાની લાગણીઓ અલગ અલગ રીતે વ્યક્ત કરી રહ્યા છે. મારા મનમાં એક વાત આવી રહી છે કે શું આપણે બધાએ આવી બધી રચનાઓ એક જ હેશટેગ સાથે શેર કરવી જોઈએ. હું તમને વિનંતી કરું છું કે તમારી રચનાઓ સોશિયલ મીડિયા પર (શ્રી રામ ભજન) હેશટેગ સાથે શેર કરો.

પીએમ મોદીએ આગળ કહ્યું, '૨૦૨૪ હવે થોડા કલાકો દૂર છે. ભારતની સિદ્ધિઓ દરેક ભારતીયની સિદ્ધિઓ છે. આપણે પાંચ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને ભારતના વિકાસ માટે સતત કામ કરવાનું છે.

આપણે જે પણ કામ કરીએ, જે પણ નિર્ણય લઈએ, આપણો પહેલો માપદંડ એ હોવો જોઈએ કે તેમાંથી દેશને શું મળશે, તેનાથી દેશને શું ફાયદો થશે.

## ઉત્તર કોરિયાના કિમ જોંગે સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કર્યો, દક્ષિણ કોરિયાને ધમકીઆપી

ઉત્તરકોરિયા,તા.૩૧

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન આગામી વર્ષે ત્રણ વધુ સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કરવાની યોજના બનાવી રહ્યો છે. કોરિયન મીડિયા તરફથી મળતા રિપોર્ટ પ્રમાણે ગત મહિને ઉત્તર કોરિયાએ સફળતાપૂર્વત પોતાનો પ્રથમ સૈન્ય જાસૂસી સેટેલાઈટ લોંચ કર્યો હતો.

પોતાની સેનાને વધુ મોર્ડન અને અપગ્રેડેડ બનાવવાના હેતુથી કોરિયા આ સૈન્ય જાસૂસી સેટેલાઈટને લોંચ કરવાની તૈયારી કરી રહ્યો છે. કિમ જોંગ ઉને કોરિયાની સેન્ટ્રલ કમિટીના પાંચ સભ્યોની બેઠક દરમિયાન એવો ટાર્ગેટ રાખ્યો હતો. આ ઉપરાંત ગત મહિને ઉત્તર કોરિયાએ એવો દાવો કર્યો હતો કે, તેને પોતાના સૈન્ય સેટેલાઈટથી અમેરિકા અને દક્ષિણ કોરિયાના સૈન્ય ઠેકાણાઓની ઈમેજ લીધી છે.

ગત ૨૧ નવેમ્બરે કોરિયાએ પોતાના સૈન્ય જાસૂસી સેટેલાઈટ મલિગયોંગ-૧નું સફળતાથી અવકાશમાં સફળ લોંચિંગ કર્યું હતું. આ અગાઉ મે અને ઓગસ્ટમાં આનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. આ સફળતાથી ઉત્સાહમાં આવેલા કિમ જોંગે આગામી વર્ષે ત્રણ વધુ સૈન્ય જાસૂસી સેટેલાઈટ અવકાશમાં તરતા મુકવાની યોજના બનાવી છે. રિપોર્ટ પ્રમાણે કિમ જોંગે બોલાવેવી બેઠકોમાં જણાવ્યું હતું કે, આપણે પરમાણુ ખતરા પર તરત રિએકશન આપવું જોઈએ. તમામ તૈયારીઓ વધારવી જોઈએ જેથી દક્ષિણ કોરિયાને પોતાના કાબૂમાં લઈ શકીએ.

કોરિયન તાનાશાહે અનમેન્ડ આર્મ્ડ એરિયલ વ્હીકલને પણ વિક્સિત કરવાની જરૂરિયાત કહી હતી. કિમે કહ્યું કે કોરિયાને હવે એક થવા પર સહમત નથી. દક્ષિણ કોરિયાના ઉત્તર કોરિયાથી જોડવું હવે શક્ય નથી. આનાથી સાફ થઈ જાય છે કે, બંને દેશોના સંબંધો આ વર્ષે તણાવપૂર્ણ રહી શકી છે. ઉત્તર કોરિયા પોતાના પરમાણુ મિસાઈલોના વિકસિત કરવા પર ધ્યાન કરી રહ્યું છે. કિમે ધમકી આપતા કહ્યું કે, જો અમેરિકા અને દક્ષિણ કોરિયા અમારી વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરશે તો અમે પરમાણુ હુમલા કરવાથી પાછા નહિ પડીએ.

## બંગાળમાં ભાજપને માત્ર ટીએમસી જ હરાવી શકેઃ મમતા બેનર્જી

પશ્ચિમબંગાળ,તા.૩૧

પંજાબમાં આમ આદમી પાર્ટી એ કહ્યું છે કે તે રાજ્યમાં એકલા હાથે લોકસભા ચૂંટણી લડવા માંગે છે. તો બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ કહ્યું છે કે તૃણમૂલ કોંગ્રેસ રાજ્યમાં એકલા હાથે ચૂંટણી લડી શકે છે. એવામાં શિવસેના એ મહારાષ્ટ્રમાં ૨૩ બેઠકોની માંગણી કરી છે. આ તમામ કારણોને જોતા લાગે છે કે કોંગ્રેસ અને ભારત ગઠબંધનની મુશ્કેલીઓ વધવાની છે.

મમતા બેનર્જીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે્સ્ઝ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી રાજ્યમાં એકલા હાથે લડશે. રાજ્યમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરતા તેમણે કહ્યું કે, 'ભારત ગઠબંધન દેશભરમાં હાજર રહેશે. ્સ્ઝ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી લડશે અને ભાજપને હરાવશે. ટીએમસી એકમાત્ર એવી પાર્ટી છે જે ભાજપને પાઠ ભણાવી શકે છે.' એવામાં હવે મમતા બેનર્જીના આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે રાજ્યમાં ભારતીય ગઠબંધન સાથે સીટની વહેંચણી પર કોઈપણ પ્રકારની સમજૂતી થશે નહીં.છઁછઁ નેતાઓએ જાહેરમાં કહ્યું છે કે તેઓ ઈચ્છે છે કે પાર્ટી પંજાબમાં એકલા હાથે ચૂંટણી લડે. ૨૬ ડિસેમ્બરે પંજાબના પક્ષના ટોચના નેતાઓ સાથે કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વની બેઠકમાં પણ આ જ વાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

## રશિયાના રાષ્ટ્રપતિ પુતિને મોદીને નવા વર્ષની શુભેચ્છા પાઠવી, 'કહ્યું- ભારત-રશિયા સતત આગળ વધી રહ્યા..'

નવીદિલ્હી,તા.૩૧

૨૦૨૩નો આજે છેલ્લો દિવસ એટલે કે ૩૧મી ડિસેમ્બર છે. આવતી કાલથી નવું વર્ષ ૨૦૨૪ શરુ થઈ જશે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારતના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી છે. રશિયન રાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક સંજોગો વધુને વધુ પડકારરૂપ બની રહ્યા હોવા છતાં, રશિયા અને ભારત વચ્ચેના સંબંધો આગળ વધી રહ્યા છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધતા તેમણે કહ્યું કે મુશ્કેલ વૈશ્વિક સંજોગો છતાં, રશિયા અને ભારત વચ્ચે ચાલી રહેલી ભાગીદારી ગતિશીલ રીતે આગળ વધી રહી છે. પુતિને નવી



દિલ્હીમાં આયોજિત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન અને ય૨૦માં ભારતના પગલાંની પ્રશંસા કરી હતી. તેમણે ભારતના નેતૃત્વની પણ પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મોસ્કો અને નવી દિલ્હી વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો સતત આગળ વધશે.

ત્રણ દિવસ પહેલા પુતિને કહ્યું હતું કે પીએમ મોદી રશિયા-યુક્રેન વિવાદને શાંતિપૂર્ણ માધ્યમથી ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમે મોદીના વલણને સમજીએ છીએ. અમે ઘણા પ્રસંગોએ આનો વારંવાર ઉલ્લેખ કર્યો છે. હું જાણું છું કે તે આ મુદ્દાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યો છે. અમે આ વિશે ઊંડાણમાં વાત કરીશું. તેમણે ભારત-રશિયા સંબંધો માટે આભાર વ્યક્ત કર્યો હતો.

## શું ઓડિશામાં ભાજપ અને સત્તારૂઢ બીજેડી વચ્ચે ગઠબંધન થશે? જાણો શું કહ્યું ભાજપના નેતાઓ

નવીદિલ્હી,તા.૩૧

ગયા ઓગસ્ટમાં, જ્યારે વિપક્ષે કેન્દ્રની ભાજપ સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી, ત્યારે નવીન પટનાયકની આગેવાની હેઠળના બીજુ જનતા દળે ભાજપ સરકારને ટેકો આપ્યો. આ સિવાય બીજેડીએ બીજેપી સરકારને અન્ય ઘણા પ્રસંગોએ સમર્થન આપ્યું છે. આ જ કારણ છે કે જ્યારે ઓડિશામાં લોકસભા ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે બંને પક્ષો વચ્ચે ગઠબંધનની અટકળો ચાલી રહી છે. જો કે, ભાજપે હવે આ અટકળોને બાજુ પર મૂકી દીધી છે અને બીજેડી સાથે ગઠબંધનને નકારી કાઢ્યું છે.

શનિવારે નવી દિલ્હીમાં ભાજપના કેન્દ્રીય નેતૃત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠક બાદ ઓડિશા ભાજપના ઉપાધ્યક્ષ અને સાંસદ અપરાજિતા સારંગીએ કહ્યું કે કેટલાક લોકોએ પોતાના ફાયદા માટે એવી અફવા ફેલાવી હતી કે ભાજપ અને બીજેડી વચ્ચે ગઠબંધન થઈ શકે છે, પરંતુ કોઈપણ રાજકીય પક્ષ સાથે ગઠબંધનનો સવાલ જ ઊભો થતો નથી. સારંગીએ કહ્યું કે ભાજપે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રાજ્યમાં ૫૦ ટકા વોટ મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે.અવિશ્વાસ પ્રસ્તાવ પર કેન્દ્રની ભાજપ સરકારને સમર્થન આપવાની સાથે બીજેડીએ દિલ્હી સેવા બિલ પર પણ સરકારને સમર્થન આપ્યું હતું. આ સિવાય બીજેડીના નેતૃત્વએ પણ કેન્દ્ર સરકાર સામે અવાજ ઉઠાવ્યો નથી. ઓગસ્ટમાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ નવીન પટનાયકને મળ્યા હતા. આ બેઠકમાં ભાજપ સંગઠન અને ઓડિશા ભાજપના ઘણા નેતાઓએ પણ ભાગ લીધો હતો. આ પછી, બંને પક્ષો વચ્ચે ગઠબંધનની ચર્ચાઓ તેજ થઈ ગઈ. જો કે, હવે ભાજપે સ્પષ્ટ કર્યું છે કે તે બીજેડી સાથે કોઈ ગઠબંધન કરવા જઈ રહી નથી.ભાજપના નેતાઓનું કહેવું છે કે ઓડિશામાં બીજેપી અને બીજેડી વચ્ચે સીધો મુકાબલો થશે. ભાજપ રાજ્યની તમામ ૧૪૭ વિધાનસભા બેઠકો અને ૨૧ લોકસભા બેઠકો પર તેના ઉમેદવારો ઉભા રાખવાની યોજના બનાવી રહી છે. ભાજપ ઓડિશામાં પ્રચાર દરમિયાન કેન્દ્ર સરકારની ૧૫૭ કલ્યાણકારી યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરશે. ભાજપને વિશ્વાસ છે કે આગામી વિધાનસભા ચૂંટણીમાં તેઓ રાજ્યમાં ભાજપની સરકાર બનાવવામાં સફળ રહેશે.

## બિહારમાં મહાગઠબંધનના બે મોટા સાથી પક્ષો વચ્ચે સ્પષ્ટ વિવાદના નવા સંકેતો દેખાઇ રહ્યા છે

*બિહાર,તા.૩૧*

*બિહારમાં બે મુખ્ય રાજકીય સાથી પક્ષો જનતા દળ (યુનાઈટેડ) અને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) વચ્ચેના સંબંધોમાં તણાવ વધી રહ્યો છે. એવું માનવામાં આવે છે કે શુક્રવારે મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહને JD(U)ના અધ્યક્ષ પદ પરથી હટાવવા અને પોતે આ પદ સંભાળવા પાછળ લાલન સિંહની ઈત્નદ્બ સાથે વધતી જતી નિકટતા મુખ્ય કારણ છે.*

*નીતિશ કુમાર, જે વિપક્ષ સંગઠન ઈન્ડિયા ગઠબંધનમાં પોતાના માટે મુખ્ય ભૂમિકા ઈચ્છે છે અને તેના માટે ગઠબંધન પર દબાણ લાવી રહ્યા છે, તેઓ જૂથવાદને ટાળવા ઉપરાંત તેમની પાર્ટીની એકતરફી કમાન્ડ પણ ઈચ્છે છે.*

*બિહારમાં મહાગઠબંધનના બે મોટા સાથી પક્ષો વચ્ચે સ્પષ્ટ વિવાદના નવા સંકેતો દેખાઈ રહ્યા છે. નાયબ સીએમ તેજસ્વી પ્રસાદ યાદવે તેમનો સત્તાવાર ઓસ્ટ્રેલિયા પ્રવાસ રદ કર્યો છે, જે ૬ જાન્યુઆરીથી શરૂ થવાનો હતો. તેજસ્વીએ આઈઆરસીટીસી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સમક્ષ હાજર થવાની તારીખના એક દિવસ પછી પ્રવાસનું આયોજન કર્યું હતું.*

*આરજેડીના એક અગ્રણી નેતાએ જણાવ્યું હતું કે પાર્ટી "બિહાર રાજ્યના રાજકારણમાં અનિશ્ચિતતાના સમયે તેના મુખ્ય નેતાને દેશની બહાર મોકલીને કોઈ જોખમ લેવા માંગતી નથી." તેમણે કહ્યુંઃ "તેજસ્વીએ ડિસેમ્બરમાં ચાર વખત મુખ્યમંત્રી સાથે સ્ટેજ શેર કર્યો ન હતો. જે બે રાજકીય પક્ષો અને નેતાઓ વચ્ચે વણસેલા સંબંધોના સંકેત છે. સત્તા સંભાળવાની પહેલા મુખ્યમંત્રી ઘણી વખતે બિહારમાં 'કુશાસન' (ઈત્નદ્બના કાર્યકાળ દરમિયાન) પ્રત્યક્ષ અને આડકતરી રીતે દર્શાવીને વારંવાર તેમના નાયબને શરમજનક સ્થિતિમાં મૂકી દે છે. આરજેડીના અન્ય એક સૂત્રએ જણાવ્યું હતું કે સિંહને જેડીયુના વડા પદ પરથી હટાવવાથી "જેડીયુ અને આરજેડી વચ્ચે અવિશ્વાસ પેદા થયો છે, છતાં નેતાઓએ તેને જાહેરમાં સ્વીકાર્યું નથી."આરજેડીના એક નેતાએ કહ્યું કે જાન્યુઆરી બંને પક્ષો માટે "મહત્વપૂર્ણ" મહિનો હશે. તેમણે કહ્યું, "અમે ઈચ્છીએ છીએ કે કેબિનેટ વિસ્તરણ (ચાર મંત્રાલયો ભરવાના બાકી છે) જલ્દી થાય. "તે પછી અમને ખાતરી મળશે કે મહાગઠબંધન અકબંધ છે અને અમે હજુ પણ યોગ્ય અને સકારાત્મક માનસિકતા સાથે લોકસભાની ચૂંટણીમાં ઉતરી શકીશું."*

## તંત્રી લેખ......

# હંગામાજીવી વિપક્ષ

એ યોગ્ય નથી કે સંસદની સુરક્ષામાં ગાબડાંને લઈને વિપક્ષનો હંગામો ચાલુ જ છે. આ હંગામાને કારણે લોકસભા અને રાજ્યસભાથી ૧૪૦થી વધુ વિપક્ષી સાંસદોને બરતરફ કરી દેવાયા છે. આ એક રેકોર્ડ સંખ્યા છે. આટલી મોટી સંખ્યામાં સાંસદોની બરતરફીથી જાણે-અજાણે એ જ સંદેશ ગયો કે સત્તાપક્ષ વિપક્ષની વાત સાંભળવા-સમજવા તૈયાર નથી, પરંતુ એ તથ્યની પણ અવગણના ન કરી શકાય કે સંસદની સુરક્ષામાં ગાબડાંને લઈને ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહેલા વિપક્ષી દળોના સાંસદ જાણીજોઈને એવી પરિસ્થિતિઓ પેદા કરી રહ્યા છે, જેનાથી તેમની બરતરફી થઈ જાય. આખરે જ્યારે એના પર સહમતિ બની ચૂકી હતી કે કોઈપણ સંસદ સભ્ય અધ્યક્ષના આસન સમક્ષ નહીં જાય અને નારા લખેલી તક્તીઓ નહીં લહેરાવે, તો પછી એવું જ કરવાનો શો અર્થ છે? એવું જાણીજોઈને કરવામાં આવ્યું તેથી એના સિવાય બીજો કોઈ ઉપાય નથી કે વિપક્ષી સાંસદોએ એક રીતે પોતાની બરતરફીનો આધાર જાણીજોઈને ઊભો કર્યો. એ સાચું કે વિપક્ષી દળોની નજર આગામી લોકસભા ચૂંટણીઓ પર છે અને તેઓ યેનકેન પ્રકારે દેશની જનતાનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માગે છે, પરંતુ તેનો અર્થ એ નહીં કે તેઓ સંસદમાં હંગામો કરતા રહે.

જ્યાં વિપક્ષ પોતાની એ માંગ પર અડગ છે કે સંસદની સુરક્ષામાં ગાબડા મામલે ગૃહમંત્રીએ નિવેદન આપવું જોઈએ, ત્યાં જ સત્તાપક્ષ એ રેખાંકિત કરી રહ્યો છે કે સંસદની અંદર સુરક્ષાની જવાબદારી લોકસભા અધ્યક્ષની છે અને એવામાં ગૃહમંત્રીના વક્તવ્યની માંગ યોગ્ય નથી. બહેતર તો એ હોત કે આ મામલે પક્ષ-વિપક્ષ પરસ્પર વાત કરીને કોઈ વચ્ચેનો રસ્તો કાઢવાની કોશિશ કરતા. સંસદમાં ચાલતો હંગામો એ દર્શાવે છે કે એવી કોઈ કોશિશ નથી કરવામાં આવી.

# ભિખજીવીનો કાલ્પનિક ઈન્ટરવ્યુ

આજનું અખબાર વાંચીને અમે સોમનાથ જવાનો નિર્ણય કર્યો. બખડજંતર ચેનલના રીપોર્ટર ગિરધરભાઇ ગરબડિયા અને કેમેરામેન રાજુ રદીની ટીમ ઓન ધી સ્પોટ ઈન્ટરવ્યું લેવા પહોંચી ગઇ.

તરેહ તરેહના અવાજો કાને પડયા. 'મને કાંઇક આપતા જાવ મહાદેવ ભલું કરશે' ' બેટા તારા ધંધામાં બરકત આવશે ગરીબનો પેટનો ખાડો પૂરો કર ભગવાન તારો ખાડો ભરશે' ગરીબ માઇને કંઇ નહીં દે તો તારું ધનોતપનોત નીકળી જશે' વગેરે.

મંદિરપરિસરની બહાર ભિખારીઓની કતાર હતી.અમે અખબારમાં જેનો ફોટો છપાયેલો હતો તેમને શોધી કાઢ્યો. " વડીલ. અમે બખડજંતર ચેનલમાંથી આવ્યા છીએ. તમારો ઈન્ટરવ્યું લેવો છે'' મેં ભિખજીવીને( આમ તો સમગ્ર વિશ્વ બૃહદ અર્થમાં ભિખજીવી છે. આવું લખવું પડે. જેથી લેખકનો આઇક્યું ઊંચો છે તેવું ઓન પેપર એસ્ટાબિલિશ થાય.)કહ્યું. " પહેલાં શકોરામાં રૂપિયા નાખો. પહેલાં ધંધો પછી બીજી ફાલતુ બકવાસ''ભિખજીવી ઉવાચ.

અમે દસની નોટ નાંખી. તરત ભિખજીવી અકળાઇ ગયો. ''સાહેબ એસઓઆર મુજબ રૂપિયા નાંખો. તીર્થક્ષેત્રમાં સામાન્ય દર ન્યુનતમ એક હજાર છે. તમારા જેવા (અ)ખબરજીવી માટે મહતમ દર પાંચ હજાર વતા જા.ખ. પર પંદર ટકા કમિશન છે.એના પર જીએસટી ૧૨% ચૂકવવાનો છે!!'' ભિખજીવીએ બેગર્સ રેંટ કરોટ કર્યા.

અમે છ હજાર બસો સત્યાંશી રૂપિયા યુપીઆઈથી ચુકવ્યા. રૂપિયા જમા થવોનો મેસેજ જોઇ ભિખજીવી મેં પર હલકોફૂલ્કો પાવડર લગાવી વાળ હાથ વડે અસ્તવ્યસ્ત કરી ( અસ્તવ્યસ્ત વાળ પ્રખર બુધ્ધિજીવી હોવાની ટેન્જીબલ નિશાની છે.)ઈન્ટરવ્યુ માટે તૈયાર થયા.રાજુએ તેમના લોંગ-શોર્ટ શોટ શૂટ કર્યા!!

''વડીલ. આપનું નામ શું?''અમે સવાલ પૂછ્યો.

" એની લાંબી ઈસ્ટોરી છે. મારી માને છોકરા ઉજરતા ન હતા. મારો જન્મ થયો. હું જીવતો રહું એટલે મને ભીખલો કર્યો. બધા મને ભીખલો કહ બોલાવે છે. સર્વિસ બુક, પાન કાર્ડઅને આધારકાર્ડમાં મારું નામ યાચકેન્દ્ર છે.'' તે આગળ બોલે તે પહેલાં અટકાવ્યો .

" વેઇટ. સોરી ફોર ઈન્ટરપ્શન.વેઇટ અ મિનિટ. તમે સર્વિસબુક બોલ્યા. બરાબર? તંત્ર ભિખારીની સર્વિસ બુક રાખે છે? આ મારા માટે નવી બાબત છે.મેં કદી સાંભળ્યું નથી. આના વિશે કંઇક કહો.''

ભિખજીવીને તંત્રે કોઇ સર્વિસબુક આપી નથી. પણ હું તો નિવૃત નાયબ મામલતદાર છું. રૂપિયા ત્રીસ હજાર પેન્શન મળે છે. પેન્શન વખતે મળેલ ફંડની રકમ પોસ્ટમાં રોકી છે તેનું વ્યાજ અઢાર હજાર મળે છે. દુકાનોઅને મકાનના ભાડા મળે છે. છોકરો યુએસએથી દર મહિને બે હજાર ડોલર મોકલે છેપ.'' સન્માનીય ભિખજીવીએ કહ્યું. આટલી તો મને બખડજંતર ચેનલની નોકરીમાં મળતા નથી. " યાચકેન્દ્રજી, ભગવાને આટલું આપ્યું છે તો દાન ધર્મ કરવાના બદલે આ બાકીના ભિખારીના રોટલા પર કેમ તરાપ મારો છો? શા માટે ભિક્ષાટન કરો છો?'' મેં આળો સવાલ પૂછ્યો? " સાહેબ અહીં હું એકલો નથી. બીએસએનએલ, પોસ્ટ સિંચાઈ, રેવન્યુમાંથી રીટાયર થઇને અહીં ભીખ માંગે છે.'' યાચકેન્દ્રે કહ્યું. ''કેમ?'' મારો નાનો સવાલ.

" અમે મહેનત કરીને કમાવામાં માનીએ છીએ. એક દિવસ બેસો તો ખબર પડે કે ભીખ માંગવાનું કામ સહેલું નથી. કેટલા પાપડ વણીએ છીએ. કરોડોની કિંમતના આશીર્વાદ દઇએ ત્યારે કંકોડા કે કાકડીના મૂલ્યની પાંચ દસ રૂપિયાની ભિખ આપે છે. હટાકટા છો ને કામ કરતા નથી તેમ કહી ભિખ માંગવા માટે ઉપાલંભ આપે છે.સાહેબ ઉપરની આવકનો હરામ ચસ્કો લાગી ગયો છે. મને તો ઠીક ,સાહેબ ઘરવાળીને ઉપરની આવકનો ચસકો લાગ્યો છે. રોજ સવારે ચા -ખાખરાનો નાસ્તો આપી મને નસાડે છે અમે સાંજે પાંચસો લીધા વિના આવ્યા તો ઘરમાં નહીં પેસવા દઉં એવી ધમકી આપે છે!! સાહેબ રીટાયર થઇએ પછી થોડી ટેબલ પર મળે તેવી ઉપરની આવક મળે? માનો કે ખાખી કપડાં પહેરીને હાઇ વે પર દંડો દેખાડીએ તો ટ્રંક કે શટલ રીક્ષાવાળો મફતમાં ક્યાંક લઇ જાય. એનાથી સકકરવાર થોડો વળે??'' યાચકન?દ્રે ભીની આંખે ઈન્ટરવ્યું પૂરો કર્યો.

ભરત વૈષ્ણવ

## ૨૦૨૩, રોકાઈ જા જરાઃ

હે વર્ષ ૨૦૨૨૩,
રોકાઈ જા જરા.
કેટલાક ટહૂકા રહી
ગયા છે બાકી તો
કેટલાક ડૂસકાં હજી
અટકી રહ્યાં છે ગળા માં.
હે વર્ષ ૨૦૨૩,
રોકાઈ જા જરા.
ધ્રણા-નફરતની ગૂંચ
ઉકેલવી બાકી છે હજી તો,
વ્હાલ-પ્રેમ ના તાંતણા પણ
ગૂંથવા બાકી છે મારે.
હે વર્ષ ૨૦૨૩,
રોકાઈ જા જરા.
કાંઈક અપૂર્ણ રહેલ કામ
મઠારવા છે હજી તો
કોઈ કાર્યો નો
શુભારંભ બાકી છે હજી.
ખંડેર થયેલ સંબધો માં
તાજગી લાવવી
બાકી છે હજી તો,
નવા સંબધો માં
સુવાસ ઠાળવવી બાકી છે હજી.
હે વર્ષ ૨૦૨૩,
રોકાઈ જા જરા,
હે વર્ષ ૨૦૨૩ રોકાઈ જા જરા.
-મુકેશ પરીખ

## વિરામ આપો...

થાક જેવું થશે, પગલાને વિરામ આપો.
મૌન પણ જાગશે, પડઘાને વિરામ આપો.

વાત જયારે કરો સમજીને કરો, વિચારો,
ના થવાનું થશે, અફવાને વિરામ આપો.

રાહદારી અગર ભૂલો રાહ, ચાહ રાખો,
કયાંક સંજ્ઞા થશે, નકશાને વિરામ આપો.

પેટ થાશે ગટર, જે તે ખાવ,જાવ હોટલ,
માંદગી આવશે, ગજવાને વિરામ આપો.

જીર્ણ ને ક્ષીર્ણ છે ઘડપણ,સત્ય યાદ રાખો,
જે હશે, ચાલશે, મનડાને વિરામ આપો.

નારણ મકવાણા

# અખબારના ફેરીયા દ્વારા એક હૃદયસ્પર્શી અને એક આજની કરુણ વાસ્તવિકતા

મેં જે ઘરોમાં અખબાર પહોંચાડ્યું તેમાંથી એકની ટપાલપેટી બંધ હતી.. તેથી મેં દરવાજો ખખડાવ્યો.

અસ્થિર પગલાઓ સાથે એક વૃદ્ધ માણસ શ્રી બેનર્જીએ ધીમેથી દરવાજો ખોલ્યો.

મેં પૂછ્યું, "સાહેબ, તમારી ટપાલપેટી કેમ બંધ રાખી છે?"

શ્રી બેનર્જી : "મેં જાણી જોઈને તેને બંધ રાખી છે."

તેણે સ્મિત કર્યું અને ચાલુ રાખ્યું,

"હું ઈચ્છું છું કે તમે દરરોજ મને અખબાર પહોંચાડો... કૃપા કરીને દરવાજો ખખડાવો અથવા બેલ વગાડો અને મને રૂબરૂ આપો."

હું આશ્ચર્યચકિત થઈ ગયો ને જવાબ આપ્યો, "ચોક્કસ, પણ તે આપણા બંને માટે અસુવિધા ને સમયનો બગાડ છે."

શ્રી બેનર્જી : બરાબર છે... પણ હું તમને આ માટે દર મહિને વધારાના રૂ. ૫૦૦/- નોકિંગ ફી તરીકે આપીશ."

આજીજીભર્યા અભિવ્યક્તિ સાથે, તેણે ઉમેર્યું,

"જો કોઈ દિવસ એવો આવે કે જ્યારે તમે દરવાજો ખખડાવો અને જવાબ ન આવે તો, તો કૃપા કરીને પોલીસને બોલાવજો!"

હું ચોંકી ગયો અને પૂછ્યું, "કેમ?"

શ્રી બેનર્જી : "મારી પત્નીનું અવસાન થયું, મારો પુત્ર વિદેશમાં છે અને હું અહીં એકલો રહું છું, કોણ જાણે મારો સમય ક્યારે આવશે?"

તે ક્ષણે, મેં વૃદ્ધ માણસની ધુમ્મસવાળી, ભીની આંખો જોઈ.

તેણે આગળ કહ્યું,

★"મેં ક્યારેય અખબાર વાંચ્યું નથી... ખટખટાવવાનો કે ડોરબેલ વાગવાનો અવાજ સાંભળવા માટે હું તે ખરીદું છું. કોઈ પરિચિત ચહેરો જોવા અને થોડા શબ્દો અને આનંદની આપ-લે કરવા માટે!"★

તેણે ફેરિયાના હાથ પકડ્યા અને કહ્યું, "બેટા.... પ્લીઝ ...મારા પર કૃપા કરજે !!

આ રહ્યો મારા પુત્રનો વિદેશી ફોન નંબર. જો કોઈ દિવસ તું દરવાજો ખખડાવ અને હું જવાબ ન આપું, તો મારા પુત્રને તેની જાણ કરવા માટે ફોન કરજે..."આ વાંચ્યા પછી, હું માનું છું કે મિત્ર વર્તુળમાં ઘણા એકાંત અનુભવતા હશે તેઓની આ કરુણ અવસ્થામાં ઉરૢંજર્ઝ સુભેચ્છા સંદેશા મોકલવાનું મહત્વ દરવાજો ખખડાવવા અથવા ડોરબેલ વગાડવાના અર્થ જેવું જ છે

?? સારાંશ ??

પરિવાર હોવા છતાં એકલા પડી ગયેલા વ્યક્તિઓ માટે વોટ્સએપ એક નહિ પણ અનેકનો સંપર્ક કરાવી વાતચીત થકી એકલતા દૂર કરાવી આપનારુ મહત્વનું પરિબળ છે. માત્ર વૃદ્ધો જ એકલા નથી પડી જતાં કોઈપણ ઉંમરના ને આ લાગુ પડી શકે છે. માટે વોટ્સએપ પર આપનો સંપર્ક રાખતી વ્યક્તિઓની પણ એક એકલતા ને વેદના હોય શકે... તેથી તમે તેમને નવરા કહી હસી કાઢવાને બદલે માન આપો..

--. કારણ કે... કોઈપણ વ્યક્તિ ને... માનસિક થાક ઉતારવા એક ખૂણો જોઈએ છે... જ્યાં.. બધું કહી શકે, મન મૂકીને રડી શકે.. એ આત્માની ઓળખ છે.. ત્યાં પરમાત્મા નો વાસ છે.. .અને આ..એક નિઃસ્વાર્થ ભાવે, પ્રેમ લાગણીનાં અનુભવરૂપી જ્યોત છે... અહીં..જ્યાં ઉંમર, નાતજાત, દેખાવ, કે ભૂતકાળ નું કોઈ સ્ટેટસ/હોદ્દો , અમીર, ગરીબ બધું એક બાજુ રહી જાય છે...

★"ઓર્ડરિંગ ધ સાઉન્ડ ઓફ નોકિંગ"★

શ્રેષ્ઠ સર્જનાત્મક પુરસ્કાર ૨૦૨૩ ને પાત્ર છે.....

## " જીવન પતંગ "

નથી જવું મારે તવ દિલનાં દરવાજા તોડીને,
રહેવું છે મારેએ મહીં એકબીજાને જોડીને...

લાગણીઓનાં વહેણમાં તણાયો જરૂર છું હું,
ભીનાં તો તમેય થયાં છો કેમ જાવું છોડીને...?

પાયો છે માંજો પ્રેમથી દોર એ કાચો ના રહે,
ગુંચ કાઢી એની જતનથી રાખું ફીરકી વીંટોળીને...

તમે ચગેલાં છો પતંગ 'ને હું લહેર છું હવા તણી,
આનંદે ઉડીએ કાં નહીં નભજીવનમાં દોડીને...?

ના કોઈ એવું આ જગતમાં જે ભૂલો કરે ના કદી,
તો શું જીવી ના શકાય એ ભૂલોને વખોડીને...?

પસ્તાવાનાં એ ઝરણાં મહીં પાપ સઘળાં ધોઈને,
જીવતર 'કિરન'નું દોહ્યલું એ લાગણીઓને રોળીને...

નરેન્દ્રસિંહ જાડેજા 'કિરન'...

## હોવું જોઇએ.

પ્રેમમાં છે પડવું એ નક્કી હોવું જોઈએ.
ડૂબવું કે તરવું એ નક્કી હોવું જોઈએ.

સાદ કરશે અમને તો નક્કી છે મારું જવું,
ચાલવું કે દડવું એ નક્કી હોવું જોઈએ.

દીવસે પહોંચવું કે રાત્રે એની શું ખબર?
કેટલું દૂર ઉભવું એ નક્કી હોવું જોઈએ.

લાગણી ના દરિયા માં તરતી હો બેફીકરી,
ક્યાં જઈને અટકવું એ નક્કી હોવું જોઈએ.

માંગવું જો ઈશથી તો તારાનું શું તૂટવું?
રાતનું રાહ તકવું એ નક્કી હોવું જોઈએ.

આવશે એ સપનાં જે મંઝીલે દેખાડશે,
સાચમાં ફેરવવું એ નક્કી હોવું જોઈએ.

ગીરીશ મકવાણા (કોડીનાર)







# ઇન્ડોનેશિયા પ્રવાસ. ભાગ :૧

બીજી નવેમ્બરે અમે સાન ફ્રાન્સિસ્કોથી સિંગાપોર જવા રવાના થયાં . સિંગાપોરથી અમે બાલી ઈન્ડોનેશિયાની ફલાઈટ લીધી. ત્રીજી નવેમ્બરે રાતે નવ વાગે અમે બાલી પહોંચી ગયાં . ઈન્ડોનેશિયા એ સાઉથઈસ્ટ એશિયામાં આવેલું છે. એ ઈન્ડિયન ઓશન અને પેસેફિક ઓશનની આસપાસ ફેલાયેલું છે. એ નાના નાના ૧૭૦૦૦ ટાપુઓથી બનેલો દેશ છે. એમાં જાવા , સુમાત્રા જેવા ટાપુ આવેલા છે .

બાલીની વસ્તી પાંચ મિલિયન જેટલી છે. જેમાં ૯૫ % લોકો હિન્દુ છે. બાલીને ભગવાનનું શહેર પણ કહે છે કારણકે તેમાં ઘણાં મંદિર આવેલા છે. આમ તો ઈન્ડોનેશિયા મુસ્લિમ દેશ ગણાય છે કારકે ૯૫ ટકા મુસ્લિમ વસ્તી છે. પણ બાલી માં હિંદુની વસ્તી વધારે છે. રાતે નવ વાગે અમે બાલી પહોંચી ગયાં . હોલીડે ઈન માં અમે અમારું બુકીંગ કરાવ્યું હતું. ચાર નવેમ્બરે અમે ખાલી દિવસ રાખેલો. અમારી હોટેલ હોલીડે ઈન રિઝોર્ટ સાથે જોડાયેલી હતી. સવારે નવ વાગે અમે નાસ્તો કરવા ગયાં તો અમારી નવાઈ વચ્ચે અમને ઢોસા,મેંદુ વડા અને પૌઆ નો સરસ ભારતીય નાસ્તો મળ્યો. સાથે સાથે મસાલા ચા પણ મળી. અમે નાસ્તો કરી તૈયાર થઈને હોટલની પાછળના બીચ પર ગયાં . ત્યાં બોટ રાઈડ માટે લોકો કરગરી પડે છે. એજ બીચ પર હનુમાનજીનું મોટું સ્ટેચ્યુ પણ છે. અમે એક કલાકની બોટ રાઈડ લીધી. નાનકડી બે વ્યકતિઓ બેસી શકે એવી બોટ હતી. દરિયાનું એકદમ સ્વચ્છ પાણી જોઈને નવાઈ લાગી. આ લોકો ટુરિસ્ટ જગ્યાનું ખૂબ ધ્યાન રાખે છે. આ રીઝોર્ટમાં તમે ટૂર બુક કરાવી શકો છો. અમે બે દિવસ નવેમ્બર ૫, ૬ બુક કરાવેલી હતી. બીજા બે દિવસની ટૂર ૭,૮ ની બુક કરાવી અમે લંચ લેવા ગયાં. આજુબાજુમાં ઘણી ભારતીય રેસ્ટોરેન્ટ હતી. જેમાંથી અન્નપૂર્ણા નામની રેસ્ટોરન્ટમાં અને જમવા ગયાં . લગભગ ત્રણ વાગે હોટલ પર પાછાં ફર્યા. તે રાતે અમે મસાજ કરાવવા પણ ગયાં. એ દિવસ અમે આરામ માટે રાખેલો.

બીજા દિવસે એટલેકે ૫ નવેમ્બર ના સવારે નવ વાગે અમને ટૂર ગાઈડ લેવા આવવાનો હતો. અમે વહેલા ઉઠી નહીં ધોઈને નાસ્તો કરવા નીચે ગયા. નાસ્તામાં આજ અમને છોલે ભટુરે અને ફ્રાઈડ રાઈસ મળ્યાં . અમે ખુશ હતાં . પેટ ભરીને ભારતીય નાસ્તો કરી અમે નુસા પેનિડા ટાપુ પર જવા નીકળ્યાં. ગાઈડ અમને ફાસ્ટ બોટ સુધી લઈ ગયો. ત્યાંથી અમે નુસા પેનિડા પહોંચ્યા. લગભગ એક કલાકની સફર હતી. નુસા પેનિડા ઉતર્યા પછી અમારે ચાર નાના નાના ટાપુઓ જોવાના હતા. જેમાં પસીહ ઉગ બીચ, એક તૂટી ગયેલી દરિયાઈ ગુફા, કેલિંગકિંગ બીચ, એક ઈન્સ્ટાગ્રામ આઈકોન, એન્જલનું બિલબોંગ, કુદરતી અનંત પૂલ અને સફેદ રેતીની ક્રિસ્ટલ ખાડી. દરેક જગ્યા પર ખૂબ સુંદર ફોટોગ્રાફ લીધાં. નુસા પેનિડા બાલી અને લૉમબૉક વચ્ચેનો સુંદર ટાપુ છે. બે ટાપુ જોયા પછી અમને એક સુંદર કુદરતી જગ્યા પર લંચ માટે લઈ ગયા. ત્યાં અમે ઈન્ડોનેશિયન ભોજન કર્યું. ચાર ટાપુ જોયા પછી મોટરબોટ અમને બાલી લઈ આવી. સાંજ પડી ગઈ હતી. ભરપૂર કુદરતી સૌંદર્ય અનુભવ્યા પછી અમે ભારતીય રેસ્ટોરન્ટમાં જમવા ગયાં . પાંચમી નવેમ્બર પુરી થઈ ગઈ. અમે કુદરતી સૌંદર્યને મમળાવતાં બીજા દિવસની રાહમાં સુઈ ગયાં.

નવેમ્બર ૬, ૨૦૨૩ સવારે વહેલા ઊઠી નાસ્તો કરી અમે અમારા ગાઈડ સાથે વોટરફોલ જોવા નીકળ્યાં. સૌ પ્રથમ તિબુમાના વોટરફોલ જોવા ગયાં. તિબુમાના વોટરફોલ જેને સ્થાનિક લોકો એર તેર્જુન તરીકે ઓળખે છે તે બાલીના સૌથી સુંદર છુપાયેલા ધોધમાંનો એક છે, જે બાંગલી પ્રદેશમાં સ્થિત છે. ગામનું નામ આપુઆન છે બાંગલી પર્વત ઘણાં ઝરણાં અને તાળાવોથી ભરપૂર છે અને એ બાલીને સુંદર અને ફળદ્રુપ બનાવે છે.અસંખ્ય ગામો ચોખાના ટેરેસ, લીલીછમ ખીણો અને જંગલોના લેન્ડસ્કેપમાં પથરાયેલા છે.સૌંદર્ય ચાહક માટે આ સુંદર ધોધ જોવા જેવો છે.

ત્યાંથી અમે તુકાડ વોટરફોલ જોવા માટે ગયાં. તુકાડ જવાનાં રસ્તામાં સૌંદર્ય વિખેરાયેલું પડેલું છે. નાળિયેરીની હારમાળાએ મને મારા વતન મહુવાની યાદ અપાવી દીધી.કેટલીકવાર આપણે આપણા જીવનની સૌથી સુંદર મુસાફરી કરવા માટે કોઈ માર્ગને અનુસરવાની જરૂર છે. બાલીમાં એવા અસંખ્ય રસ્તાઓ છે જે તમને અસ્પૃશ્ય સ્થાનો પર લઈ જશે.

જો તમે તમારી જાતને વ્યાપારી પ્રવાસીઓથી દૂર બાલીએ છુપાવેલા રહસ્યો શોધવા માટે થોડી વધુ મહેનત કરશો, તો તમે આ સ્થાનો શોધી શકશો. તુકાડ સેપુંગ વોટરફોલ આ સ્થાનોમાંથી એક છે જેને તમે તમારી મુસાફરીની ચેકલિસ્ટમાં મૂકવાનું વિચારી શકો છો.

આ હજી પણ બાલીનો શ્રેષ્ઠ વર્જિન વોટરફોલ છે. સૂર્યપ્રકાશ ચમકતા ધોધ પર પડે છે જે એક મેઘધનુષ્ય બનાવે છે, એવું લાગે છે કે જાણે તે તમારા માટે બનાવવામાં આવ્યો છે.ગોળાકાર ખડકો તમને ગુફામાં હોવાનો અહેસાસ કરાવે છે, જ્યારે ધોધ જ્યાંથી નીકળે છે ત્યાંથી ખુલ્લું આકાશ તમને સૌથી મોહક દૃશ્ય આપે છે.

બાલીના કોઈપણ અન્ય ધોધથી વિપરીત, તુકાડ સેપુંગ ધોધ નદી, પ્રવાહ અથવા જંગલમાં વહેતો નથી, પરંતુ તે ખડકોની નીચેથી હળવેથી વહે છે.નદી ઉપરથી જોઈ શકાય છે, જ્યારે તમે સીડી પરથી નીચે અને ખડકમાં જાઓ ત્યારે જ ધોધ જોઈ શકાય છે.પાર્કિંગની જગ્યાથી તમારે નદી સુધી પહોંચવા માટે સીડીઓથી નીચે ઉતરવું પડે છે.

આ ધોધ ગુફાની પાછળ સ્થિત છે, તેથી જ્યારે તમે નદી પર પહોંચો ત્યારે તમે ધોધ જોઈ શકતા નથી.

અંદર જવા માટે તમારે સાંકડી ગુફામાંથી પસાર થવું પડશે, અને જ્યારે તમે ગુફામાં પ્રવેશ કરો છો ત્યારે તમને મોટી દિવાલની પાછળનો ધોધ ગુફા જેવો દેખાશે. જિંદગીમાં એકવાર જરૂર આ કુદરતી નજારો જોવા જેવો છે. જ્યાં ના પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ પણ જ્યાં ના પહોંચે ઈન્સાન ત્યાં પહોંચે ભગવાન!

તુકાડ ની મોહઝાળમાંથી નીકળી અમે તેગેનુગન વોટરફોલ જોવા નીકળ્યાં. તેગેનુગન વોટરફોલ કદાચ બાલીનો સૌથી વ્યસ્ત અને સૌથી પ્રખ્યાત ધોધ છે, અને ઉબુડ અથવા સનુરથી પહોંચવું ખૂબ જ સરળ છે.તમે ધોધની નીચે પૂલમાં તરી શકો છો, અને ત્યાં કેટલીક રેસ્ટોરન્ટ્સ છે જ્યાં તમે બેસીને ખાઈ શકો છો અને દૃશ્યનો આનંદ માણી શકો છો. આ ધોધ ઢાળવાળી કોતરણી નીચે છે. અહીં ઉતારવાના પગથિયાં અસમાન અને ચીકણાં છે.લગભગ પંદર મિનિટ ઉતરતાં લાગે છે, અને ચડતા વધારે વાર લાગે છે. પગથિયાં ઊંચા નીચાં છે. ધોધના તળિયે તરી શકાય છે. પાણી એકદમ સ્વચ્છ અને પારદર્શક છે. આ ધોધની મુલાકાત લીધા પછી અમે ખૂબ થાકી ગયાં . ભૂખ પણ લાગી હતી. એક સુંદર કુદરતી દ્રૃશ્યવાળી રેસ્ટોરન્ટમાં જમી અમે બાલી તરફ રવાના થયાં. કારમાં બેસી બાલીનું સૌંદર્યપાન કર્યું.

સપના વિજાપુરા

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NGO SS NO. -39**
વિષય -- મનપસંદ
પ્રકાર - અછાંદસ
લખનાર -- પ્રફુલ્લા "પ્રસન્ના"
શીર્ષક -- વહેતું જીવન

૨૦૨૩ પૂરું થશે, ૨૦૨૪ આવશે.
એક જાય એટલે બીજું આવે,
એકનો અંત, બીજાનો શુભારંભ!
અમુક ઈચ્છાઓ પૂરી થઈ,
કેટલીક સફળતા મળી,
થોડુંક બાકી રહ્યું,
છતાંય વર્ષ તો પૂરું થશે જ.
એ રાહ જોઈને બેસી નહિ રહે.
વર્ષ પૂરું થશે, જિંદગી નહિ.
જિંદગી હજુ બાકી છે!
અધૂરી ઈચ્છાઓ પૂરી થઈ શકશે,
મેળવવાની બાકી રહી ગઈ હોય....
એ સફળતાઓ મેળવવાનો મોકો છે હજુ.
રાત્રી વિતી જાય પછી પ્રભાત ઉગે જ છે.
સેવેલાં સપનાઓ પૂરા થશે!
મથીશું ફરી નવાં વર્ષે, નવાં ઉમંગ સાથે..
મુઠ્ઠીમાં થોડી નવી ઈચ્છાઓ ભરીશું
અને ઉડાડીશું આકાશમાં
ઝગમગશે તારલાની જેમ
એક એક વીણી ગજવે ભરીશું!
જીવન છે....
વહેતું રહેવાનું સતત..
જ્યાં સુધી વહેતું રહે
ત્યાં સુધી
વહેતાં રહેવાનું,
એની સાથે સાથે!
વર્ષ આવે ને જાય
જીવંત રહેવાનું
મંઝિલ આવે ત્યાં સુધી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No/00202**
વિષય:- મન પસંદ રચનાં
પ્રકાર:- પદ્ય
શબ્દો:- ૫૫
શીર્ષક:- " "પર્યાવરણ બચાવીએ"

"પર્યાવરણ બચાવીએ"

લોભ-લાલચમાં ભૂલ્યાં છીએ ભાન,
થઈ જાઓ સહું હવે પ્રકૃતિપ્રત્યે સભાન.

બહુ ઉજાળ્યા વૃક્ષો,વનોને જંગલો,
બગાડ્યા નદી-નાળા,તળાવોને સમુદ્રો.

વિકાસની હોડમાં ન જોયું પર્યાવરણ સામે,
વિનાશ તરફ જતાં અટકો,બચાવી પર્યાવરણ.

જળ,જમીનને વાયુ પ્રદૂષિત છે કરી મુક્યા,
લોભ-લાલચ છોડી નવી પેઢીનું ભાવિ જુઓ.

બધાં સજીવો માટે ખૂબ જરૂરીને અમૂલ્ય આં પર્યાવરણ,
ભવિષ્યની પેઢીને આપણે આપીએ શુદ્ધ પર્યાવરણ.

???ચિરાગ.એચ.શર્મા.(ચિરંજીવ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N O G S S NO. 163**
વિષય:મનપસંદ
પ્રકાર:લઘુ વાર્તા
શીર્ષક:પસંદગી
શબ્દ:૩૩૨
★પસંદગી★

આશુ અને નિશુ બંને સગી જોડકી બહેનો..નાનપણથી જ બંને સદાય આનંદી,હસતી, દોડતી કિલકિલાટ કરતી જોવા મળે.
તેની મમ્મી મંજુલાબેન બહેન અને પિતા મોહનભાઈ ને પોતાની બંને દીકરીઓ માટે ખુબ જ ગર્વ.
તેઓનું નાનપણ તો હસી મજાક મસ્તીમાં ક્યાં પૂરું થયું તેની ખબર જ ના પડી.
જોતજોતામાં તો આશુ-નીશુ કોલેજમાં આવી ગયાં.
પણ કોલેજમાં આવતાં બંને ગંભીર થઈ ગયાં હતાં. મંજુલાબેન જાણતા હતા કે ઉમર સાથે ગંભીર બને એ સારૂં છે.
રેવાદાદી જોડે બંને દીકરીઓ ખુલ્લા દીલથી વાત કરતી હતી. અનુભવી બા એ આશુ-નિશુ જોડે વાતો કરતાં જાણી લીધું કે કોલેજમાં સાથે ભણતો એક છોકરો નિશુને પસંદ કરે છે એટલે એ ગંભીર બની ગઈ છે અને આશુને એક છોકરો પસંદ છે પણ વાત કરતાં મુંઝવણ થાય છે. રોજ એ લોકો મળે છે, પણ રેવાદાદીએ આ વાત હમણાં મનમાં રાખી.
વેકેશનમાં બધાંએ સાથે કુમાઉ ટ્રેકીંગ માટે ફરવા જવાનો પ્લાન કર્યો.
આશુ-નિશુને તો પ્રકૃતિની ગોદમાં બહુજ મજા આવી રહી હતી, એતો એમ જ વિચારતા હતાં કે કાયમ અહીં જ રહેવાનું હોય તો કેવી મઝા પડે..!
એક દિવસ બધાં સાથે હળવા ફુલ થઈ ગપ્પા મારતાં બેઠા હતાં ત્યારે રેવા 'બા' ધીરે રહીને આશુ-નિશુ સાથે વાર્તાલાપ કરવા લાગ્યા.
★પોતાનાજ પ્રથમ પ્રેમની પસંદગીની વાત કરવા લાગ્યા.. બધાં શાંતિથી સાંભળતા હતા.. લગ્નજીવનની વાતો અને અંતે 'હસે તેનું ઘર વસે' કહી પોતાની વાત પૂર્ણ કરી.★

તેઓ ફરીને જ્યારે ઘરે પહોંચ્યા ત્યારે બંને દીકરીઓ હળવી ફુલ હતી. ડિસ્ટિન્ક્શન સાથે રીઝલ્ટ પણ આવી ગયું હતું. ★બા એ કહેલી વાત 'હસે તેનું ઘર વસે' એ વાત મનમાં વસી ગઈ હતી.★

હવે આગળ બંનેને સ્વ્છ કરતાં પાર્ટ ટાઈમ જોબ એક જ કંપનીમાં મળી જવાથી આનંદની કોઈ સીમા નહોતી, જાણે બંનેના જીવનની દિશા જ બદલાઈ ગઈ.
આજે જોબમાં આશુ-નિશુ થકી કંપનીને એક કરોડનો ફાયદો થયો, કંપનીએ એવોર્ડ આપી બંનેને સાત સાત લાખનું પેકેજ આપી પરમેનન્ટ જોબ ઓફર કરી.
મંજુલાબેન અને મોહનભાઈ અત્યંત ખુશ હતા.
આશુ-નિશુનો અજાણ્યો પ્રથમ પ્રેમ અને પસંદગી રંગ લાવી ગયા. બંનેના તેમની પસંદગીના પાત્રો સાથે મનપસંદ લગ્ન પણ થઈ ગયાં. જીવન જીવવાનો મુખ્ય બોધ દાદીમાએ સમજાવી દીધો હતો એટલે આશુ-નિશુએ હસતે મુખડે પોતાના ઘર-આંગણ દીપાવ્યાં.

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: (?)**
વિષય - મનપસંદ
શિર્ષક - ક્રિષ્નપ!!!!
"એક મહોત્સવ"
પ્રકાર - પદ્ય
શબ્દો ૩૨૧

ક્રિષ્નપ!!!!
એક મહોત્સવ

ક્રિષ્ન ,ક્રિષ્ન ની વાતો ,ઉપદેશો ,એનું જીવન ,
એનું દુખ ,એનું સુખ ,એના પૂરા જીવન નાં તબક્કાઓ ,એનુ મંદ મંદ મુસ્કાન , મુસ્કાન પાછળ નો મર્મ , પ!!!! જ્યારે કોઈયે મને કહ્યું
કે ક્રિષ્ન ને સાંભળો,સમજો , ત્યારે મેં ખાલી
એટલું જ કહ્યું કે ક્રિષ્ન ને સાંભળવાનો નથી,
ક્રિષ્ન ને સમજવાની જરુર નથી , ક્રિષ્ન એ તો એક મહોત્સવ છે , એને માણવો જોઈયે , એની ઉજવણી કરવાની હોય,અને ખરેખર આપડા જીવન ને સાર્થક બનાવવું હોય , તો એને મહોત્સવ તરીકે માણો , કારણ કે એને એક વાર માણવા નું શરુ કરશો તો જીવતર ટુંકુ પડશે પરંતુ મહોત્સવ તો અનંત છે , યુગો યુગો તક અમર છે અને એટલે જ તે યુગ પૂરૂષ છે , એનું મંદ મંદ ફક્ત હાસ્ય લોકોનાં દુખ દરદ મટાડવા માટે કાફી છે ,
એમ ન ધારી લેવું કે ક્રિષ્ન ને દુખ ન હતું ,
એનાં જીવન નાં દરેક ઉંમરે તેને પોતાના ની વિદાય લઈ આગળ જ વધવું પડ્યું છે , પછી એ દેવકી મૈયા હોઈ કે યશોદા મૈયા હોઈ કે પછી રાધા હોઈ , જેના પ્રેમ નો જોટો જ નથી ,
તે બન્ને નાં પ્રેમ વિષે મોટા ગ્રંથો લખાયા છે,
એ પ્રેમ ને પામવા ને બદલે તેણે કર્મ નો રસ્તો સાધ્યો ,એ વખતે એને રડવું નહી આવ્યું હોઈ..છતાય હસતાં મુખે કર્મ કરતો જ ગયો
વગર આશા એ ,મન માં કોઈ નાં પ્રત્યે દ્વેષ ભાવ વગર એ આગળ વધતો જ ગયો,
કોઈ વાર રણ છોડી ને પણ ભાગ્યો અને રણછોડ બન્યો , એની એ સમય સુચકતા એ સુચવે છે કે જીવન માં સોથી મોટું યુધ્ધ એ જ છે જે વગર યુધ્ધ લડે જીતી જાય
અને એ યુધ્ધ ને ન લડવા માટે અપમાન નું ઝેર પણ ગટગટાવી જાયપ!!!

આ એજ ક્રિષ્ન જેને સુખ દુખ બન્ને સમાન દેખાઈ છે અને એટલે જ તેનું જીવન એક મહોત્સવ બની જાય છે કારણ કે તેના માં ફક્ત સકારાત્મકતા જ છે , સકારાત્મકતા થી ભરેલું એનું જીવન એને યાદ કરવાવાળા નાં મન માં જોશ નો , એક અજબ શક્તિ નો સંચાર ઉત્પન કરી જાય છે અને એટલે જ તે એક મહોત્સવ છે ..બસ એને માણતાં જ રહીયેપ

અલ્પા મહેતા.રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 212**
પ્રકારઃ પદ્ય
વિષયઃ મનપસંદ રચના
શીર્ષકઃ સમય એક દવા

હશે સમય દવા છતાં દવા ક્યાં કામ આવતી!
રહે છે દર્દ એકલું સભા ક્યાં કામ આવતી!

હજાર દીપની તળે રહે છે મન આ માંકડું,
સતત બળે છે તે છતાં શમા ક્યાં કામ આવતી!

દિવસ મહિના સાલને વીત્યા કરે છે આયખું,
કર્યા કરમના ભોગમાં પ્રજા ક્યાં કામ આવતી!

ઊભો રહે છે દ્વાર યમ લઈ જવા આ શ્વાસને,
પ્રપંચથી રચી ઘણી કલા ક્યાં કામ આવતી!

કદી તરે ડૂબે કદી આ જિંદગી છે વહેણ પર,
પરી હો પાસ નાવડી સદા ક્યાં કામ આવતી!

??લીલાબેન પટેલ 'ઝલક'.નવસારી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 198**
પ્રકારઃ પદ્ય
વિષયઃ મનપસંદ રચના
શીર્ષકઃ જિંદગી તારો આભાર

'જિંદગી તારો આભાર'

ધાર્યા કરતાં અલગ આપ્યું,
પણ, જે આપ્યું સારું આપ્યું,
સૂકું ખર્યું ને લીલું ઊગ્યું,
વેરાન વન ફૂલવાડી બન્યુ,
જિંદગી તારો આભાર...

ક્યારેક સંશય, ચિંતા ને,
ક્યારેક આનંદ ઉત્સાહ,
ક્યારેક કડવા ઘૂંટ પીધા ને,
ક્યારેક ખુશી અપાર આપી,
જિંદગી તારો આભાર ...
દયા ઈશ્વરે કરી છે અપરંપાર,
હા, કર્યા રાતોના ઉજાગર અનેક,
જિંદગીના સરવાળા, બાદબાકી,
ગુણાકાર અને
આભાર - નિહારીકા રવિયા ભાગાકાર કર્યા ને
પછી અંતે થયું ....
જે પણ આપ્યું સારું આપ્યું,
જિંદગી તારો આભાર.

ખ્યાતિ દવે 'ખ્યાત'..ભુજ-કચ્છ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 0112**
પ્રકારઃ પદ્ય
વિષયઃ મનપસંદ રચના
શીર્ષકઃ કોણ ગમાર, કોણ હોશિયાર ? ,
, કોને ગણવા હોશિયાર,અહી તો સૌને પોતાનુ કરતા જોયા છે,
બની જાય આગેવાન,પછી વિકાસ નિજનો કરતા જોયા છે.

કંઈક ગરીબ પરિવારોને, ચોધાર આંસુ એ રડતા અમે જોયા છે,
ત્યારે ગણાવતા સર્વ શક્તિમાન ને,અમે પોતાનુ કરતા જોયા છે.

ખર્ચી નાખ્યું જીવન આખુ , સંતાન સુખ માટે એવા ખુબ જોયા છે,
પછી અંદરથી કરતા ખુબ પસ્તાવો, એવા માઁ બાપ પણ જોયા છે.

સમાજ ગણે અન એજ્યુકેટેડ, એવાને શ્રવણ થતા જોયા છે,
એજ્યુકેશન હોય અદકેરું, એવા સંતાન છેટા રહેતા જોયા છે.

વાવાઝોડા પણ કિનારે આવીને શાંત થઈ જતા જોયા છે,
હોય મહા ચક્રવાત એને પણ અમે દિશા ફંટાતા જોયા છે.

શું વાત કરવી હજુરીયાઓની, સાચાને પણ ખોટા પાડતા જોયા છે,
" રાજ " મૌસમ બદલે રુપ,ત્યારે ભર ઉનાળે ફોરા પડતા જોયા છે.

રચના,,,
રાજેશભાઈ એસ કુકરવાડિયા,
( વ્યાસ )ધ્રુવનગર,, મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO: 190***
★વિષયઃ મનપસંદ રચના★
★પ્રકારઃ મૌલિક રચના★
★શીર્ષકઃ પુરુષ★

જવાબદારીની ચક્કીમાં છે પીસાયો,
પુરુષ જો પુરુષ થઈને ઘણું પસ્તાયો.

ન ક્યાંયે પૂછાયો ન ક્યાંયે વખણાયો,
સરળ છે સમજવો પણ ક્યાં સમજાયો?

વહાવી શક્યો ના કદીયે એ આંસુ,
નાનપણથી જ એતો પુરુષ કહેવાયો.

જતાવી શક્યો ના મનોભાવ ખુદનાં,
પોતાની જ લાગણીઓથી એ ઘવાયો.

કદી કોઈએ નોંધ લીધી ના એની,
ભલે હોય એ અહીં બધાથી સવાયો.

બધાંની જ ઈચ્છા પૂરી કરવા માટે,
એ થોડો થોડો રોજેરોજ વપરાયો.

કદી એનાં માટે કંઈ ન લખાયું,
કવિની પણ રચનાઓમાં ના સમાયો.

"નિઃશબ્દ" એટલુંજ છે કહે પુરુષ માટે,
બધાનો થઈ, રહ્યોં બધાથી પરાયો.

★ કૌશલ પુરાણી "નિઃશબ્દ" વડોદરા થી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.208**
વિષય. મનપસંદ
શીર્ષક. પ્રણયને પંખ
લેખક. અમરીશ શુક્લ

પ્રણયને ક્યાં આંખ હોય છે,
એને તો બસ પાંખ હોય છે.

દબાવી દાંત વચ્ચે હોઠોને,
સજનની બસ રાહ હોય છે.

મલપતા મુખડા પર અનેરો,
મીઠો કેવો વલોપાત હોય છે.

આશાને અરમાનોની વચ્ચે,
સળવળતા સપના હોય છે.

સરકતી સાંજ સમયે ઘણી,
પીડા કેવી સહેવાની હોય છે.

અમરીશ શુક્લ

# 'ગૃહની રુલબુકમાં અમે વધુ સુધારા કરવાના મુડમાં છીએ ' -રાજુ રદીનો ધ્રુજારો

"જોયું? જોયું? જોયું?અમારો સપાટો?'રાજુએ હરખાતા અવાજે મને કહ્યું. ડર્ટી પિકચરની વિદ્યાબાલનની જેમ રાજુ ત્રણવાર બોલ્યો.તે ધોનીની જેમ હેલિકોપ્ટર શોટ મારતો હોય તેવી એકશન કરતો હતો. ક્રિકેટમાં વરસો સુધી બેટિંગ કરનાર ખેલાડી માટે બેટસમેન શબ્દ વાપરવામાં આવતો હતો. અચાનક બેટર શબ્દ વપરાયો. ખોટો સિક્કો બજારમાં ઝડપથી ચાલે છે. બેટર શબ્દના ઉપયોગને લીધે ફિલ્ડર, બોલર,,અમ્પાયર, કોમેન્ટેચર, સ્પેકટેટર, બ્રોડકાસ્ટર વગેરે શબ્દોનો પ્રાસ મળે છે.
'રાજુ . આપણું અર્થતંત્ર પાંચ ટ્રિલિયન ડોલર થઈ ગયું? 'મેં પૂછયું
'ગિરધરભાઈ. એક ટ્રિલિયન એટલે એક પર કેટલા મીંડા હોય??'રાજુએ મને સવાલ કર્યો.
'રાજુ.એકડા પર બાર મીંડા એટલે ટ્રિલિયન એની તને ખબર નથી છે?'મેં રાજુને કહ્યું.
'ગિરધરભાઈ. આપણું અર્થતંત્ર બે હજાર સુડતાવીસમાં પાંચ ટ્રિલિયન થઈ જશે.'રાજુએ ઓવરકોન્ફિડન્સથી ભક્તની જેમ જવાબ આપ્યો.રાજુએ કૂકડાની જેમ ડોક ફૂલાવી.
'રાજુ, આપણે એસી કરોડ લોકોને ફ્રી રેશનિંગ આપીએ છીએ. તે વધીને એકસો બેતાલીસ કરોડ લોકો સુધી એક ધક્કા ઔર દોની જેમ ધકેલપંચા દોઢસો કર્યુ?'મેં એક વધુ સવાલ કર્યો.
'ગિરધરભાઈ. આપણો દેશ હવે વિકસિત દેશ છે. આપણે એની યાત્રા કાઢીએ છીએ.'રાજુએ મહત્વની જાહેરાત કરી.
'રાજુ આપણને ૨૦૬૦ માં ઓલિમ્પિકનું આયોજન કરવાની મંજૂરી મળી ગઈ?' મેં સવાલની ગુગલી નાંખી રાજુને ગુંચવ્યો.
'ના. પરંતું, આપણે ભેંસ ભાગોળે અને છાશ છાગોળેની જેમ તૈયારી કરવા માંડ્યા છીએ!' રાજુએ ખીચડી જેવા ઢીલીઢસ અવાજે જવાબ આપ્યો.
'રાજુ આપણી ઈકોનોમીએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો?' મે રાજુને કન્ફયુઝડ કર્યો
'સાહેબની પાંચમી ટર્મમાં અર્થતંત્ર પ્રથમ નંબર મેળવે તેવું લબડધબડ લાનિંગ છે!'રાજુએ વિઝન -૨૦૩૪ રજૂ કર્યું.
" રાજુ. આપણે મંગળ પર અવકાશયાન પહોંચાડી દીધું??" મે બાઉન્સર ફેંકયો.
'સાહેબની દસમી ટર્મમાં મંગળ પર સમાનવ અવકાશયાન મોકલવાનું પ્લાનિંગ છે!'રાજુએ વિઝન -૨૦૫૫ રજૂ.
'રાજુ તમામ શહેરો ઓવર સ્માર્ટ થઈ ગયા? 'મેં રાજુને ઘેર્યો.
'ગિરધરભાઈ . તમામ શહેર સ્માર્ટ થઈ જાય એટલે દેશના તમામ ગામડા સ્માર્ટ બનાવવાનું માઈક્રો લેવલ પ્લાનિંગ છે.'રાજુએ વધુ એક ઝુનઝૂના- રમકડું મારા હાથમાં પકડાવ્યુ!
'રાજુ. તું કયા સપાટાની વાત કરતો હતો?'મેં રાજુને પૂછયું.
'ગિરધરભાઈ. આઝાદી મળ્યા પછી કોઈ સરકારે આ રેકર્ડ કર્યો નથી. અમારી સરકારે તે વિક્રમ કરી બતાવ્યો છે!'રાજુએ એક વધુ સિધ્ધિ સરકારના નામે કરી.
'કંઈ સિધ્ધિ?'અમે આતુરતા પૂર્વક પૂછયું.
'ગિરધરભાઈ . વિરોધપક્ષ બિલકુલ બેજવાબદાર છે. સન્માનીયગૃહ ચાલે નહીં તેવા ષડયંત્રો રચે છે. જયાં વેલ નથી તેવા ગૃહના વેલમાં ધસી જાય છે. માઈક તોડે છે. કાગળો ફાડે છે. મારામારી ગાળાગાળી કરે છે. માનીતા ઉદ્યોગપતિનેસળી કરે છે. સરકારની હામાં હા અને નામાં ના કરતા નથી. શાસરપક્ષસ્વવિકાસ વિરોધી છે. સાઈકલથી શેવરોલેટ યાત્રામાં પંકચર પાડે છે. ગૃહમાં ગતિરોધ કરે છે. મેગીની જેમ બે મિનિટમાં કાયદો પસાર કરવામાં અડચણ કરે છે. ગૃહ સ્થગિત કરવું પડે છે. પ્રજાના પૈસા વેડફાય છે.' રાજુએ વિપક્ષોને લસોટી નાંખ્યો.
' રાજુ . આમાં શી નવાઈ છે?શાસકપક્ષ જ્યારે વિપળ હતો ત્યારે આનાથી ખરાબ વર્તન કરતો હતો. નેતા લોગ ગતિરોધને લોકશાહીનો આત્મા ગણતા હતા. ત્યારે તેમનું ઝમીર કયાં ગયું હતું?'મે આયનો ધર્યો !
'ગિરધરભાઈ છેલ્લા વીસ વરસમાં પચાસ સભ્યોને તથાકથિત ગેરવર્તન માટે અગાઉની સરકારોએ સસ્પેન્ડ કરેલ. ૧૯૮૯માં ત્રેસઠ સભ્યોને સસ્પેન્ડ કરેલ. અમારી સરકાર વિક્રમ તોડવામાં પારંગત છે અને નવા રેકર્ડ ખાતર રેકર્ડ કરવાનો એમેચ્યોર શોખ ધરાવે છે. અમારી સરકારે છેલ્લા દસ વરસમાં ડબલ સેન્ચુરી ફટકારી. આ વખતે તો એક સત્રમાં દોઢ સદી જેટલા સભ્યોને સસ્પેન્ડ કરી દસ વીસ વરસનો કવોટા પૂરો કરી નાંખ્યો. જેને તોડવો કોઈ પણ સરકાર માટે ડોન ફિલ્મના ડાયલોગની જેમ મુશ્કેલ નહીં પણ નામુમકિન છે.અલબત, સાહેબ હોય તો બધું મુમકીન છે!' રાજુએ સરકારની નરવીગરવી વરવી સિધ્ધિની ઝલક દેખાડી.
'રાજુ તને અને સરકારને કોટિ કોટિ અભિનંદન. તમારી છાતી ગજગજ ફૂલી રહી હશે!! હવે ફયુચર પ્લાન શું છે?'અમે રાજુને ડાયરેકટ સવાલ પૂછ્યો!
'ગિરધરભાઈ. આયોજનનું પૂછો જ નહીં. બ્લુ પ્રિન્ટ, બ્લેક પ્રિન્ટ,વ્હાઈટ પ્રિન્ટ- રોડ મેપ તૈયાર જ છે.અને રુલ બુકમાં આમૂલાગ્ર સુધારા કરીશું. અત્યારે ગૃહમાં પ્લેકાર્ડ સઈ જવા કે વેલમાં ધસી જવાને ગેરવર્તન કહે છે. અમે ખુરશી પર હાથ રાખી હલ્યાચલ્યા વગર ગૃહમાં બેસવાનો રુલ લાવીશું . ગૃહમાં માખી કે મચ્છર હશે તો પણ હલી શકાશે નહીં. અધ્યક્ષ મહોદયની મંજૂરી વગર માખી મચ્છર મારવાના કૃત્યને રાષ્ટ્રવિરોધી ગેરવર્તન ગણવામાં આવશે.જેના માટે આગામી ગૃહ માટે કે લાઈફ ટાઈમ માટે સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવશે. અધ્યક્ષ તરફ કતરાઈને જોવું, મોં મચકોડવું, ડોળા કાઢવા, જીભડા કાઢવા, આંખના ઉલાળા કરવા, મૂંછમાં મલકાવું, મૂંછ મરડવી, ખોખારા ખાવા, આળસ મરડવા, બગાસા ખાવા,ટાચકા ફોડવા, કોણી મારવી, ઠોંસા મારવા, કોણીએ ગોળ ચોંટાડવો,ચૂનો ચોપડવો વગેરે ગંભીર પ્રકારના કૃત્યો બિનસંસદીય અને અસભ્ય જઘન્ય, હિચકારા વર્તન ગણાશે!આવા વર્તન માટે સભ્યોને સસ્પેન્ડ કરી વિપક્ષમુકત ગૃહનું નિર્માણ કરીશું!'રાજુએ સરકારના ઐતિહાસિક અને શકવર્તી પાક ઈરાદાની ઉદ્ઘોષણા કરી.
'રાજુ. ગૃહની કાર્યવાહી દરમિયાન કોઈ વિપક્ષી સભ્ય ઉંઘતો કે ઉંઘતી ઝડપાશે તો ઉંઘતી સરકાર તેને સસ્પેન્ડ કરશે?'મે આખરી સવાલ પૂછ્યો.
'ગિરધરભાઈ. હરગિજ નહીં. એવું તો કેમ કરાય? કેમ કે,,જાગતો બમણું ઘોરે તેના કરતા ઉંઘતો સિંગલ ઘોરે તેવું અમે પસંદ કરીએ છીએ. અમે ગૃહના સેન્ટ્રલ હોલમાં કુંભકર્ણનું માટે તૈલચિત્ર લગાવાના છીએ. જેથી સૌને ઉંઘવાની ગોલ્ડન પ્રેરણા મળતી રહે! અમે સરકાર તરીકે ઈચ્છીએ છીએ કે વિપક્ષી સભ્યો કુંભકર્ણની જેમ ઉંઘતા રહે. ઉંઘણશી વિપક્ષી સભ્યો ઉંઘતા ઝડપાશે તો અમે તેને જગાડીશું નહીં પણ ઉંઘવા દઈશું. રે પંખીડા સુખેથી ઉંઘજે!!ઉચ્ચતમ સંસદીય પ્રણાલિકાઓનું હાર્દ આત્મસાત કરી તેનું પાલન કરનાર સભ્યોને ઉંઘતા પાર્લાનેન્ટરિયનનો ખિતાબ આપી સન્માન કરીશું અને ઉઘની ગોળીઓના બોકસ પુરસ્કારરૂપે આપીશું!'
'હેં હે હેં'અમે આનાથી વધુ પ્રતિભાવ આપવાની શારીરિક , માનસિક કે આત્મિક ક્ષમતા ધરાવતા નથી!!
ભરત વૈષ્ણવ

# કોલવડા ગામ નજીક નિર્માણ કરવામાં આવેલા 'વન કવચ'નું લોકાર્પણ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઇ બેરાના હસ્તે કરાયું



**---------------------------------------------------**

**વન કુટિરમાં બેસીને મંત્રી શ્રી મુળુભાઇ બેરા અને મહાનુભાવોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો 'મન કી બાત' કાર્યક્રમ નિહાળ્યો**

**---------------------------------------------------**

**કોલવડાની ડમ્પિંગ સાઇડને હરિયાળી બનાવી દેશની સૌથી મોટા વન કવચનું નિર્માણ કરવા બદલ મંત્રીશ્રીએ વન વિભાગના કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા**

**---------------------------------------------------**

વન વિભાગ, ગાંધીનગર દ્વારા કોલવડા ગામ નજીક નિર્માણ કરવામાં આવેલા 'વન કવચ' નું લોકાર્પણ આજરોજ વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ સમગ્ર વન કવચની ચાલતાં મુલાકાત લીધી હતી. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો 'મન કી બાત' નો કાર્યક્રમ વન કવચમાં બનાવેલ કુટિરમાં બેસીને નિહાળ્યો હતો.

મંત્રીશ્રીએ વન કવચમાં મુકવામાં આવેલી અરણ્યદેવીની મૂર્તિના દર્શન કર્યા હતા. મંત્રીશ્રીના હસ્તે તકતી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, આજે ગાંધીનગરના કોલવડા ખાતે ડમ્પિંગ સાઈડ હતી. તે જગ્યાએ નિર્માણ કરવામાં આવેલ દેશની સૌથી મોટી વન કવચનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ વન કવચનું નિર્માણ ૭ એકર જમીનમાં કરવામાં આવ્યું છે. ૧૦૫ જાતિના વૃક્ષોનું વાવેતર ચાર મહિનાના ટુંકા ગાળામાં કરવામાં આવ્યું છે. મોટા વૃક્ષો થઈ ગયા છે. ગુજરાતમાં ૮૫ જેટલા વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. નજીકમાં જી.આઈ.ડી.સી. હોવાથી આ વન કવચ ખૂબ મહત્વનું બની ગયું છે. ડમ્પિંગ સાઈડને સ્વચ્છ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી છે. સુંદર મજાના વન કવચનું નિર્માણ કરીને ડમ્પિંગ સાઈડ હરિયાળી બનાવી તે બદલ મંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લાના વન વિભાગના તમામ અધિકારી- કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કોલવડા નજીક નિર્માણ કરવામાં આવેલા વન કવચની માહિતી આપતાં જિલ્લાના નાયબ વન સંરક્ષક શ્રી ચંદ્રેકુમારે જણાવ્યું છે કે, આ વન કવચમાં ૫૦ હજાર જેટલા ૧૦૫ જાતિના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં ઉચ્ચ કક્ષાના ૮, મધ્યમ કક્ષાના ૨૭, નિમ્ન કક્ષાની ૪૪ અને આયુર્વેદિક ૨૬ વૃક્ષોની જાતોનું વાવેતર કરવામાં આવ્યું છે. વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના સહયોગ – માર્ગદર્શન હેઠળ આજે કોલવડાની ડમ્પિંગ સાઈડ પર આ મજાનું વન કવચનું નિર્માણ ખૂબ જ ટુંકાગાળામાં થઈ શક્યું છે. આ વન કવચમાં ૩ વન કુટિર, ધ્યાનકર્ષિત વનદેવીની મૂર્તિ અને આકર્ષક ગેટ બનાવવામાં આવ્યો છે. તેની સાથે બે હજાર રનીંગ મીટરનો વોકીંગ પાથ પણ બનાવવામાં આવ્યો છે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે વન કવચ વિસ્તારમાં વડ અને ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલના હસ્તે પીપળાના વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું. વન કવચના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત મંત્રી શ્રી મુળુભાઈ બેરા, ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, વન- પર્યાવરણ અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી ડૉ. એ.પી.સિંઘ, અગ્ર મુખ્યવન સંરક્ષક શ્રી યુ.ડી.સિંઘ, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એસ.કે.ચતુર્વેદી, ગાંધીનગર વર્તુળના મુખ્ય વનસંરક્ષક શ્રી ડૉ. ટી.કરૂપ્પાસામી અને ગાંધીનગર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી ડૉ. ચંદ્રેશકુમાર શાનદ્રે એ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ' મન કી બાત' કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળ્યું હતું. આ પ્રસંગે વન વિભાગના અધિકારી- કર્મયોગીઓ અને ગ્રામજનો સહભાગી બન્યા હતા.

# ચાણસ્મા ખાતે આવેલ સાંઈબાબાના મંદિરે ૨૫ મોં પાટોત્સવ ઉજવાયો



ચાણસ્મા ખાતે આવેલ ચાણસ્મા થી મહેસાણા રોડ પર શ્રી સાઈબાબા નુ મંદિર આવેલું છે. દર વર્ષની જેમ આ ૨૫માં વર્ષે પણ સાઈબાબા નો ૨૫મો પાટોત્સવ ખૂબ જ ધામ ધૂમપૂર્વક ઉજવવા માં આવ્યો હતો. અને શ્રી સાઈ મંદિરને દુલ્હનની જેમ રોશની થી સજાવામાં આવ્યું હતું.

૨૫ મોં પાટોત્સવ ત્રણ દિવસ ધામ ધૂમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો પ્રથમ દિવસે ચાણસ્મા ગામની બહેનો, જસલપુર ગામની બહેનો, દાણોદરા ગામની બહેનો દ્વારા આનંદના ગરબા ગાવામાં આવ્યા હતા. બીજા દિવસે સાઈ દષ્ટિએ રામ પ્રવચન અને સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતુ અને ત્રીજા દિવસે સાઈબાબા નો વિદ્વાન પંડિતો દ્વારા મંત્રોચ્ચાર કરી હવન કરવામાં આવ્યો હતો. આ ત્રણેય દિવસે બે ટાઈમ સાઈ મંદિર ખાતે ભોજન ભંડારો રાખવામાં આવ્યો હતો અને શ્રી સાઈબાબા ની શોભાયાત્રા બેન્ડ બાજા સાથે મંદિર થી નીકળી હતી. આ શોભાયાત્રામાં ચાણસ્મા ગામ ના ભાઈઓ બહેનો અને આજુબાજુના ગામોમાંથી આવેલ માઈ ભક્તો શોભાયાત્રામાં જોડાયા હતા. ભક્તો બેન્ડ બાજા ના તાલે જુમી ઉઠ્યા હતા ત્યારબાદ આ શોભાયાત્રા સમસ્ત ગામની પરિક્રમા કરી નિજ મંદિરે પરત ફરી હતી. અને મંદિર ખાતે સાઈબાબા ની આરતી કરી દર્શન અનેપ્રસાદનોલાભલઈસમસ્તમાઈ ભક્તો એ ધન્યતા અનુભવી હતી.

**નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ**

# ખાતામાંથી 'ભારતમાલા'ની નોંધ રદ કરવા ખેડૂતોનો કલેક્ટર કચેરીમાં ભારે હોબાળો



ગાંધીનગર : દિલ્હીથી મુંબઈ સ્પેશ્યલ ગ્રીન એક્સપ્રેસ હાઈવે માટે ગાંધીનગરના ચારેય તાલુકાની જમીન સંપાદિત કરવાની થાય છે. જિલ્લાના કુલ ૨૮ ગામના બેહજારથી વધુ સર્વે નંબરની જમીનો સંપાદન કરવામાં આવનાર છે જે અંતર્ગત થોડા દિવસ અગાઉં સરકરા દ્વારા આઠ હજાર જેટલા ખેડૂત ખાતેદારોના ૭-૧૨માં ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જમીન સંપાદન કરવામાં આવનાર છે તેવી કાચી નોંધ પાડી દેતા ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ રહી હતી. આવી સ્થિતિમાં આજે એકાએક જિલ્લાના ચારેય તાલુકાના ૫૦૦થી વધુ ખેડૂતો જિલ્લા કલેક્ટર કચેરી ધસી આવ્યા હતા અને અહી હોબાળો મચાવીને કાચી નોંધ રદ કરવા માટે કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું. એટલુ જ નહી, કલેક્ટરની ચેમ્બર બહાર જ ધરણા પર બેસી જઈને ત્યાં રામધૂન બોલાવી હતી અને નોંધ પાછી ખેંચી લેવા માટે ઉગ્ર સુત્રોચ્ચારો પણ કર્યા હતા. ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત થરાદથી અમદાવાદ સુધીનો એકસપ્રેસ હાઈવે બનાવવામાં આવશે જે માટે હાઈવે ઓથોરિટી અને સરકાર દ્વારા બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને અમદાવાદ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ગામોની જમીન સંપાદન કરવા માટે અગાઉ જાહેરનામું બહાર પાડીને પ્રક્રિયા હાથ ધરી હતી પરંતુ ગાંધીનગરના ખેડૂતોના ઉગ્ર વિરોધને લઈને ગાંધીનગરમાં સંપાદનની પ્રક્રિયા હાથ ધરાઈ ન હતી ત્યારે હવે સરકારી તંત્ર દ્વારા સંપાદન માટે અલગ ટ્રીક અપનાવવામાં આવી છે. સંપાદન થાય તે પહેલા એટલે કે, હજુ તો જમીન ઉપર ખેડૂતોનો કબ્જો છે અને તેમને કોઈ વળતર પણ મળ્યું નથી તેમ છતા અસરગ્રસ્ત ખેડૂતોના ખાતામાં એટલે કે, ૭-૧૨માં ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત જે તે સર્વે નંબરની જમીનનું સંપાદન કરવામાં આવનાર છે તેવા લખાણ સહિતની કાચી નોંધ પાડવામાં આવી છે.

# ચાણસ્મા ખાતે આવેલ સેન્ટમેરી સ્કૂલની અંદર રમતોત્સવ યોજાયો



ચાણસ્મા ખાતે આવેલ સેન્ટમેરી સ્કૂલની અંદર વિધ્યાર્થીઓને ઉપયોગી વિવિધ પ્રકારના અવનવા કાર્યક્રમો રાખવામાં આવતા હોય છે ત્યારે વધુ એક રમતોત્સવ નો કાર્યક્રમ સ્કુલ ની અંદર રાખવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ખાસ મહેમાન તરીકે ચાણસ્મા બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા હાજર રહી બાળકો નો ઉત્સાહ વધાર્યો હતો

આજરોજ ચાણસ્મા ખાતે આવેલ સેન્ટમેરી સ્કૂલની અંદર ૧૪ મો રમતોત્સવ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં શાળાના બાળકો દ્વારા માર્ચ પાસ્ટ, વિવિધ કૌશલ્ય અને બીજી અનેક પ્રકારની રમતો રજૂ કરી પોતાનું સાહસ અને નિપુણતા મહેકાવી હતી તેમજ બાળકો નો ઉત્સાહ વધારવા માટે મોટી સંખ્યામાં વાલીઓ પણ હાજર રહ્યા હતા તેમજ અત્યાર ના સમયમાં મોટાભાગના બાળકો મોબાઈલ ફોન પર વધારે ધ્યાન આપી ને પોતાના માઈન્ડ ને નુકસાન પહોંચાડી રહ્યા છે ત્યારે આજરોજ યોજાયેલ કાર્યક્રમમાં વધુ પડતો મોબાઈલ ફોન નો ઉપયોગ કરવાથી કેટલા ગેરફાયદા થાય છે તે બાબતનું પણ નાટ્ય રજૂ કરવામાં આવ્યું હતુ તેમજ અત્રે યોજાયેલ કાર્યક્રમમાં સેન્ટમેરી સ્કુલ ના પ્રિન્સીપાલ શ્રી તથા સ્કુલ પરિવાર તેમજ ચાણસ્મા બ્રહ્માકુમારી સંસ્થા, ચાણસ્મા તાલુકા ભાજપ મંત્રી નરેશભાઈ પરમાર તેમજ મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેન્ટમેરી સ્કુલ ના શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું

નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ

## ચાણસ્મા એસટી ડેપો માં ભંગાર વેચવાના વાયરલ થયેલા વિડિયો બાબતે એસ.ટી ડેપો દ્વારા મીડિયા સમક્ષ ખુલાસો કર્યો.

ચાણસ્મા એસ.ટી ડેપો ના કંપાઉન્ડ માં આવેલ વર્કશોપ માંથી જુના ભંગાર ના પતરા લોડીંગ રિક્ષા માં ભરાતા હોવાનો વિડીયો વાયરલ થતાં અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા તેમજ કુનેહ કુનેહ ની ચર્ચાઓએ જોર પકડ્યું હતું ત્યારે આ બાબતે મિડીયા દ્વારા ચાણસ્મા એસ.ટી ડેપો ના અધિકારીઓનો સંપર્ક કરતા તેઓ દ્વારા વેચવામાં આવેલ ભંગાર ની રકમ એસ.ટી ડેપો માં જમા કરાવી હોવાનું જણાવી પાવતી મિડીયા સમક્ષ રજૂ કરી હતી.ગતરોજ ચાણસ્મા એસ.ટી બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વર્કશોપ માંથી લોડીંગ રિક્ષામાં ભંગાર ભરાતું હોવાનો વિડીયો વાયરલ થયો હતો તેમજ આ બાબતે ચાણસ્મા ડેપો પર પણ અનેક આક્ષેપો પણ થઈ રહ્યા હોવાનું ચર્ચા એ જોર પકડ્યું હતું ત્યારે આ બાબત મીડિયાના ધ્યાને આવતા મીડિયા કર્મીઓ દ્વારા ચાણસ્મા એસટી ડેપો ના કર્મચારીઓ નો સંપર્ક કરતા તેઓએ વેચેલા ભંગાર બાબતની પાવતી મીડિયા સમક્ષ રજૂ કરી હતી જેમાં કુલ વજન ૫૩૦. કિલો તેમજ જેનું બિલ રૂ.૧૦,૬૦૦ બનવા પામ્યું હતું તે બિલ પણ ચાણસ્મા એસ.ટી ડેપો ખાતે જમા લેવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ પણે લેખિતમાં જણાવ્યું હતુંઆ બાબતે ચાણસ્મા એસ.ટી ડેપોના એ.ટી.આઈ કિર્તીભાઈ જોષી એ જણાવ્યું હતું કે ડેપો ની અંદર સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે તે દરમિયાન અગાઉના જુના પડેલા પતરા નીકળ્યા હતા તે અમારા દ્વારા વેચવામાં આવ્યા હતા જે પતરા નું બિલ આવ્યું છે તે સમગ્ર બિલ એસ.ટી ડેપોમાં જમા કરાવ્યું છે તેમજ વાયરલ થયેલ વિડિયો પાયાવિહોણા છે

નિખિલ જોષી: પાટણ જિલ્લા બ્યુરોચીફ

## બેટી બચાવો બેટીપઢાવો યોજના અંતર્ગત દેહગામ તાલુકાના કડજોદરાગામમાં બાલિકા પંચાયતની રચના કરવામાં આવી

ગાંધીનગર,

'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના એ મહિલાઓ અને દીકરીઓ માટે સમાજમાં રહેલ ભેદભાવને દુર કરી અને સમાનતા લાવવા માટેનું એક અભિયાન છે. મહિલાઓને શિક્ષણ, રોજગાર, વહીવટી પ્રક્રિયાઓમાં ભાગીદાર બનાવવા, રાજકીય ક્ષેત્ર સાથે જોડવા જેવા હેતુઓ સાથે આ અભિયાન ચલાવવામાં આવે છે. જેથી તેમનામાં આત્મનિર્ભરતાનો આત્મ વિશ્વાસ પ્રત્યક્ષ રૂપે બહાર લાવી શકાય.

બેટી બચાઅવો બેટી પઢાવો યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ નવતર તેમજ ઐતિહાસિક પહેલના ભાગરૂપે તા.૩૦/૧૨/૨૦૨૩ના રોજ ગાંધીનગર જિલ્લાના દેહગામ તાલુકાના કડજોદરાગામમાં પંચાયત હેઠળ ×પાયલોટ બેઈઝ× પર બાલિકા પંચાયતની રચના કરવામાં આવી. આ બાલિકા પંચાયત કિશોરીઓનું બનેલુ એક મંડળ છે. જેમાં એક સરપંચ,ઉપસરપંચ તેમજ તેમના હેઠળ ગ્રામ પંચાયતના વોર્ડ મુજબ એક-એક સભ્યો છે. આ મંડળ દ્વારા ગામ મધ્યે શિક્ષણ, આરોગ્ય, પોષણ, રમત ગમત જેવા વિવિધ મુદ્દાઓ પર કાર્ય કરી અને કિશોરીઓનું પ્રતિનિધિત્વ દરેક ક્ષેત્રો સુનિશ્ચિત કરશે. કડજોદરા ગામની ૧૧ થી ૨૧ વર્ષની દિકરીઓની સર્વ સંમતિથી સમરસ બાલિકા પંચાયતની સરપંચ,ઉપસરપંચ તેમજ ૯ સભ્યોની રચના કરવામાં આવી. તેમજ આજના આ કાર્યક્રમમાં ગામના સરપંચ,ઉપસરપંચ,સભ્યો,કડજોદરા શાળાના આચાર્ય તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ હાજર રહયા હતા.

**"ઉત્તર ડાંગ વન વિભાગની પ્રશંસનીય કામગીરી"**

# સુબિર ફોરેસ્ટ રેન્જ રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમા ૧૨૦ હેક્ટર વિસ્તારનું વર્ષો જુનું બિન અધિકૃત દબાણ હટાવાયુ

**રિઝર્વ ફોરેસ્ટમા ગેરકાયદેસર દબાણ હટાવી જંગલનું સંરક્ષણ કરવા સ્થાનિક લોકોને વનવિભાગની અપીલ**

**-**

**વન વિભાગ દ્વારા બિન અધિકૃત દબાણ હટાવી વનીકરણની પ્રવૃતિ હાથ ધરાશે – ઉત્તર નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી**



આહવા:

વનાચ્છાદિત જંગલ ડાંગ જિલ્લાની ઓળખ સમાન છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા જંગલની જાળવણી માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જંગલ જાળવણી માટે સ્થાનિક લોકો સાથે ઘર્ષણ ના થાય તેમજ જંગલની જાળવણી થાય તે માટે વનકર્મીઓ ૨૪ કલાક તૈનાત હોય છે.

જિલ્લાના ફોરેસ્ટ વિભાગ દ્વારા જંગલ વિસ્તારમા બિન અધિકૃત દબાણ ન થાય તેમજ વનીકરણની પ્રક્રિયા સફળ બને તે માટે વનકર્મીઓ દ્વારા સઘન પ્રયાસ હાથ ધરવામા આવે છે. ગત રોજ તા.૨૯ ડિસેમ્બરના રોજ ઉત્તર વન વિભાગના કાર્યક્ષેત્રમા આવેલ સુબિર રેંજમા સમાવિષ્ટ પીપલદહાડ રાઉન્ડના જામનસોંઢા બીટના રીઝર્વ ફોરેસ્ટ જેનો હદ વિસ્તાર તાપી જિલ્લા સુધી ફેલાયેલો છે. આ વિસ્તારમાં ફોરેસ્ટ કર્મીઓ દ્વારા બિન અધિકૃત રીતના ખેડાણ કરનાર ઈસમોને જંગલનુ મહત્વ સમજાવી રીઝર્વ ફોરેસ્ટનુ દબાણ કુનેહથી વનવિભાગ દ્વારા દૂર કરવામાં આવ્યું હતું.

ઉત્તર નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીના માર્ગદર્શન હેઠળ સુબિર રેંજના આર.એફ.ઓશ્રી અમિતભાઈ તેમજ તેઓની ટીમ, આ સાથે જ શિંગાણા રેંજ, પીપલાઈદેવી રેંજ, લવચાલી રેંજ દ્વારા રિઝર્વ ફોરેસ્ટમા થતું બિન અધિકૃત વર્ષો જુનુ દબાણ હટાવવામા આવ્યુ હતુ. ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા પ્રતિવર્ષ હજારો હેક્ટર વિસ્તારમા વૃક્ષો વાવેતરની કામગીરી કરવામા આવે છે. જેના ભાગરૂપે ઉત્તર વન વિભાગની ટીમ દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં થતુ બિન અધિકૃત દબાણ કરતા ઈસમોને સમજાવી દબાણ હટાવામા આવ્યુ હતુ. ફોરેસ્ટ વિભાગ દ્વારા વિસ્તારમાં વાવેતરથી વનનું પુનઃસ્થાપન કરવામા આવશે. ઉત્તર નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીએ જણાવ્યું હતું કે, સુબિર રેંજમા આર.એફ.ઓ તેમજ નજીકની રેંજના વન કર્મીઓ સાથે મળી વન વિભાગની ટીમ દ્વારા સઘન પ્રયત્નો થકી, રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમા વર્ષોથી થતું બિન અધિકૃત દબાણ હટાવી ૧૨૦ હેક્ટર વિસ્તારની રિઝર્વ ફોરેસ્ટની સરકારી જમીન પરત મેળવવામા આવી છે. રિઝર્વ ફોરેસ્ટની આ જમીન ઉપર વન વિભાગ દ્વારા વિવિધ વનીકરણની પ્રવૃતિઓ હાથ ધરવામા આવશે. વન વિભાગ દ્વારા કરવામા આવેલ આ પ્રશંસનીય કામગીરીથી ડાંગ જિલ્લાની વનસંપદામા વધારો થશે તે નિશ્ચિત છે. આ સાથે જ ભવિષ્યમા સ્થાનિક આદિવાસી ગ્રામજનોને વિવિધ વન પેદાશો મેળવવા માટેનો સ્રોત પણ ઉભા થશે. વધુમા જંગલ જમીનમા દબાણ નહી કરવા તેમજ જંગલનું સંરક્ષણ કરવા પણ શ્રી દિનેશ રબારીએ લોકોને અપીલ કરી હતી.

ડાંગ જિલ્લા ફોરેસ્ટ વિભાગ દ્વારા વન સરંક્ષણ માટે ઈન્ટર રેંજ બીટ ચકાસણી, નાકાના સી.સી.ટી.વી, નાઈટ પેટ્રોલીંગ, દવ સરંક્ષણ, પોલીસ અને આર.ટી.ઓના સંકલનમા રહીને કામગીરી તેમજ સેન્સીટીવ અને ટોપની જગ્યાએ માંચડો બાધી જંગલની દેખરેખ રાખવામા આવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.